**આજનો સુવિચાર**

ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૬ જૂનાગઢ તા.૨૨-૦૫-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 136, Junagadh : Date : 22 May, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ગુજરાતમાં ભીષણ ગરમીથી ચાર દિવસમાં ૧૫ લોકોનાં મોત : હજુ પાંચ દિવસ રાહત નહી

## રાજયમાં અમદાવાદ સહિત ૬ શહેરોમાં તાપમાન ૪૫ ડીગ્રીને પાર : સમગ્ર ઉત્તર ભારતમાં ભીષણ ગરમીનું રેડએલર્ટ : રાજસ્થાનમાં અનેક વિસ્તારમાં પારો ૪૭ ડીગ્રીએ પહોંચ્યો



અમદાવાદ, તા. ૨૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી તોબા પોકારાવી રહી છે અને આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેમ અંગ દઝાડતી ભીષણ ગરમીનો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે રાજયમાં હિટ સ્ટ્રોક સહિતની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થવા લાગ્યો છે અને છેલ્લા ચારેક દિવસમાં ૧૫ લોકોના મોત નિપજયા છે.

ગુજરાતના અનેક શહેરોમાં આકરો ઉનાળો તાપમાનનો રેકોર્ડ તોડી રહ્યો છે અને પારો ૪૫ ડિગ્રીને પણ વટાવી રહ્યો છે. ચામડી બાળી નાખતી ભીષણ ગરમીમાં હિટ સ્ટ્રોક જેવા કેસોમાં એકાએક વધારો થયો છે.

વડોદરા, ભાવનગર, સુરત સહિતના શહેરોમાં છેલ્લા ચાર દિવસમાં ૧૫ લોકોના કાળઝાળ ગરમીના કારણે મોત નિપજયા હોવાનું બહાર આવ્યું છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા હિટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસોમાં હજુ ગરમીમાં કોઈ રાહત મળે તેવી શકયતા ન હોવાની આગાહીને ધ્યાનમાં રાખીને લોકોને બપોરના સમયે બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા, વધુ માત્રામાં પાણી પીવા સહિતની સલાહ આપવામાં આવી રહી છે.

અમદાવાદને લાગે વળગે છે ત્યાં સુધી દરરોજ હિટ સ્ટ્રોકના સરેરાશ ૮૦ જેટલા કેસ નોંધાઈ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગ અને ઓઝોનનું સ્તર ઘટતા સૂર્યના કિરણો સીધા જ ધરતી પર પડી રહ્યા હોવાથી આકરા તાપમાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. રાજયમાં સર્વત્ર તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધી જ ગયો છે અને સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ સહિતના શહેરોમાં તો ૪૫ ડિગ્રીને પણ વટાવી ગયો છે. એકાદ ડઝન જેટલા શહેરોમાં પારો ૪૩ ડિગ્રી કે તેથી વધુ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા હજુ આવતા દિવસોમાં ઉંચા તાપમાનમાં કોઈ રાહત મળવાની સંભાવના નકારવામાં આવી છે. આ સ્થિતિમાં લોકોને હજુ કાળઝાળ ગરમી અને હિટવેવની પરિસ્થિતિનો જ સામનો કરવો પડી રહયો છે.

ગુજરાત સહિત દેશભરનાં વિવિધ રાજયોમાં ભીષણ ગરમીનો હાહાકાર છે ત્યારે હવામાન વિભાગ દ્વારા ૭ રાજયોમાં હજુ ૨૫ મે સુધી હિટવેવની સ્થિતિમાંથી કોઈ રાહત નહીં મળવાની આગાહી કરી છે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉતરપ્રદેશ, ગુજરાત તથા ઉતર પશ્ચિમ મધ્યપ્રદેશ સૂર્યપ્રકોપ ચાલુ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. દિલ્હી સહિત સમગ્ર ઉતર ભારતમાં પાંચ દિવસનું રેડ એલર્ટ ઘોષિત કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી તથા પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પાંચ દિવસ હિટવેવ અને સીવીયર હિટવેવની પરિસ્થિતિ સર્જાશે અને આ પાંચ દિવસો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવે છે. આ સમયગાળામાં અનેક શહેર અને જિલ્લામાં તાપમાન ૪૭ ડિગ્રી કે તેનાથી પણ વધુ ઉંચે પહોંચવાની સંભાવના છે.

## કોલકત્તાથી બાંગ્લાદેશનાં સાંસદ ભેદી રીતે લાપત્તા

કોલકતા, તા. ૨૨

ભારતમાં તબીબી સારવાર માટે આવેલા બાંગ્લાદેશના સાંસદ અન્વારૂલ અઝીમ અનાર કેટલાક દિવસોથી રહસ્યમય રીતે લાપતા બની જતા સુરક્ષા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છેત બાંગ્લાદેશના દુતાવાસ દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું છે કે, તેમના દેશના સાંસદ ગત ૧૨ મેના રોજ તબીબી સારવાર માટે કોલકતા આવ્યા હતા અને ૧૩ મેથી જ લાપતા બન્યા છે. તેઓ કલકતામાં પોતાના મિત્રના નિવાસ સ્થાને રોકાયા હતા. મિત્રના ઘરેથી કોઈને મળવાનું હોવાનું કહીને નીકળ્યા હતા. પરંતુ ત્યારપછી પાછા આવ્યા ન હતા અને ત્યારથી તેમનો કોઈ અતોપતો નથી. બાંગ્લાદેશના સાંસદના મિત્ર દ્વારા જ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમનું મોબાઈલ લોકેશન ટ્રેસ કરવામાં આવતા છેલ્લું બિહારનું હોવાનું બહાર આવ્યું છે.

## ચૂંટણીપંચ ભાજપની એક વિસ્તારીત શાખા : સંજય રાઉત

મુંબઈ, તા.૨૨

પાંચમાં ચરણના મતદાનના એક દિવસ બાદ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ચૂંટણી પંચ પર નિશાન સાધી સનસનીખેજ આક્ષેપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ ભાજપની વિસ્તારિત શાખા છે. રાઉતે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની ૧૩ સીટો પર મતદાનની પ્રક્રિયા ધીમી રહી હતી જ્યારે મહારાષ્ટ્ર વિકાસ અઘાડી દલ (એમવીએ)ના ઉમેદવાર સારા મતદાનની આશા રાખી હતી. રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે, જે ક્ષેત્રોમાં ભાજપ કે તેના ગઠબંધનની પાર્ટીઓના ઉમેદવારોને વધુ વોટની આશા હતી ત્યાં ઝડપથી મતદાન થયું. રાઉતે આક્ષેપ લગાવ્યો હતો કે ઈવીએમ તો હેક નહોતું થઈ શકતું કે પૈસા નહોતા વિકસિત થઈ શકતા એટલે મતદાન પ્રક્રિયા ધીમી કરી નાખી.

## ઈન્ડિગોની ફલાઈટમાં એસટી જેવું દ્રશ્ય : મુસાફરને બેસવા નહી મળતા ફલાઈટ પરત

મુંબઈઃ એસટીની ખચોખચ બસ કે ટ્રેનમાં ઉભા ઉભા પ્રવાસ ના કર્યો હોય તેવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે. પરંતુ કોઈ વ્યક્તિને પ્લેનમાં ટિકીટ બુક કરાવ્યા પછી પણ સીટ ના મળે અને તેણે ઉભાં ઉભાં પ્રવાસ કરવો પડે તેવું કોઈ કહે તો માનવામાં ના આવે. જો કે ઈન્ડીગોની એક ફલાઈટમાં થયેલો આવો જ એક છબરડો લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ઘટનાની વિગત અનુસાર, મુંબઈથી વારાણસી જતી ઈન્ડીગો એરલાઈનની એક ફલાઈટને ઓવરબુકીંગ થવાને કારણે ટેક-ઓફની ગણતરીની સેકન્ડસ પહેલાં જ એરોબ્રિજ પર પરત ફરવાની ફરજ પડી હતી.

## ચૂંટણી દરમ્યાન ફેસબુક, ઈન્સ્ટાએ નફરતભરી જાહેરાતોથી કરોડોની કમાણી કરી : મુક સંમતિ ?

નવી દિલ્હી, તા.૨૨:

વર્તમાન લોકસભાની ચૂંટણીમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મના દુરુપયોગની આશંકા સાચી સાબિત થઈ છે. મેટા, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનું સંચાલન કરતી કંપની, ચૂંટણી પ્રચાર, દ્વેષપૂર્ણ ભાષણ અને હિંસાને પ્રોત્સાહન આપતી AI-જનરેટેડ ફોટા ધરાવતી જાહેરાતોને શોધવા અને અવરોધિત કરવામાં નિષ્ફળ રહી છે. આમાંથી તેણે ઘણી કમાણી કરી. કોર્પોરેટ એકાઉન્ટેબિલિટી ગ્રૂપ 'EKO' દ્વારા ઈન્ડીયા સિવિલ વોચના સહયોગથી હાથ ધરાયેલા તાજેતરના અભ્યાસમાં આ હકીકત બહાર આવી છે. અભ્યાસના આ ચોંકાવનારા તારણો એવા સમયે સામે આવ્યા છે જ્યારે દેશમાં સામાન્ય ચૂંટણીઓ ચાલી રહી છે.

બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન' સાથે શેર કરાયેલ ઈકોના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફેસબુકે ભારતમાં મુસ્લીમો વિરુદ્ધ અપમાનજનક ભાષા ધરાવતી જાહેરાતોને મંજૂરી આપી છે. આવી જાહેરાતોમાં 'ચાલો આપણે આ કીડાને બાળી નાખો' અને 'હિંદુ લોહી ફેલાઈ રહ્યું છે, આ આક્રમણકારોને બાળી નાખવા જોઈએ' જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કેટલાક નેતાઓએ પ્રચાર માટે હિંદુ સર્વોપરિતાવાદી ભાષાનો ઉપયોગ કર્યો હતો. ઈકોએ અગાઉ ચેતવણી આપી હતી કે ઘણા રાજકીય પક્ષો ભ્રામક જાહેરાતો પર મોટી રકમ ખર્ચવા તૈયાર છે. મેટાએ નકારી કાઢ્યું કે આમાંની મોટાભાગની જાહેરાતો તેમની નીતિઓનું ઉલ્લંઘન કરે છે.

## કલમ ૩૭૦નાં ચુકાદા અંગે પુનઃ વિચારની માંગણી કરતી તમામ અરજીઓ સુપ્રિમ કોર્ટે ફગાવી



નવી દિલ્હી,તા. ૨૨ઃ સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ પર પોતાના નિર્ણયની સમીક્ષા કરવાની માંગ કરનારી અરજીઓને ફગાવી દીધી છે. જેમાં તેમણે બંધારણની કલમ ૩૭૦ને રદ કરવાના કેન્દ્ર સરકારના ૨૦૧૯ના ચુકાદાને યથાવત રાખ્યો હતો. જમ્મૂ અને કાશ્મીરને કલમ ૩૭૦ દ્વારા વિશેષ દરજ્જો મળેલો હતો. ચીફ જસ્ટીસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ સંજીવ ખન્ના, બીઆર ગવઈ, સૂર્યકાંત અને એએસ બોપન્નાની પાંચ જજોની પીઠે સમીક્ષા અરજીઓને એવું કહેતા ફગાવી દીધી કે ૧૧ ડિસેમ્પર ૨૦૨૩ના રોજ અપાયેલા નિર્ણયમાં કોઈ ખામી નથી. બંધારણમાં જમ્મૂ કાશ્મીરથી સંબંધિત કલમ ૩૭૦ને લઈને સુપ્રીમ કોર્ટે ચુકાદો સંભળાવ્યો હતો. પોતાના ચુકાદા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના ચુકાદાને યથાવત રાખ્યો હતો અને બંધારણની કલમ ૩૭૦ હટાવવાને યોગ્ય માની હતી. આ પહેલા કેન્દ્ર સરકારે ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મૂ કાશ્મીરથી સંબંધિત બંધારણની કલમ ૩૭૦નો રદ કરી દીધી હતી. આ નિર્ણય વિરૂદ્ધ ૨૩ અરજીઓ દાખલ થઈ હતી. જેના પર સુપ્રીમ કોર્ટમાં સતત ૧૬ દિવસ સુનાવણી ચાલી હતી.

### રીઝર્વ બેંકે માસિક બુલેટીન જારી કર્યુ

## દેશની અર્થવ્યવસ્થા ટેક ઓફ કરશે લોકોની ખરીદ શકિત વધી રહી છે



નવી દિલ્હી, તા.૨૨ઃ ભારતીય રિઝર્વ બેંકે મે ૨૦૨૪ માટે બહાર પાડવામાં આવેલા તેના માસિક બુલેટિનમાં જણાવ્યું છે કે લોકો આત્મવિશ્વાસ અનુભવી રહ્યા છે કે ભારતીય અર્થવ્યવસ્થા ટેક ઓફ થવાની છે. આંકડા દર્શાવે છે કે માંગમાં ભારે ઉછાળો જોવા મળી શકે છે. ગ્રામીણ વિસ્તારોમાં બિન ખાદ્ય ચીજવસ્તુઓ પર ખર્ચ વધી રહ્યો છે. આ એક સંકેત છે કે ગ્રામીણ વિસ્તારોમાં લોકોની ખર્ચ કરવાની ક્ષમતામાં સુધારો થઈ રહ્યો છે. લેખમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાંથી ગરીબી અને અત્યંત વંચિતતા જેવી જૂની વિભાવનાઓ લુપ્ત થવા જઈ રહી છે. સ્થાનિક માંગમાં સતત વળદ્ધિ અને કામકાજની ઉંમરની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને, લેખ કહે છે, કે આંતરરાષ્ટ્રીય સ્તરે આશાવાદ વધી રહ્યો છે કે ભારત આર્થિક પ્રગતિના શિખરે છે. બુલેટિનમાં જણાવ્યું છે કે ભારતમાં માંગની ગતિ વધી રહી છે. ગ્રામીણ ખર્ચમાં સુધારાને કારણે કુલ બિન-ખાદ્ય ખર્ચ વધી રહ્યો છે. ઓછામાં ઓછા બે વર્ષમાં પ્રથમ વખત, છેલ્લા ક્વાર્ટરમાં દૈનિક વપરાશની ચીજોની ગ્રામીણ માંગ શહેરી બજારોને પાછળ છોડી ગઈ છે. ઘરગથ્થુ અને પર્સનલ કેર પ્રોડક્ટ્સની મજબૂત માંગને કારણે ગૂડ્ઝમાં વોલ્યુમ ગ્રોથ ૬.૫ ટકા હતો. આ વૃદ્ધિ ૭.૬ ટકાના ગ્રામીણ વિકાસ દ્વારા સંચાલિત હતી. જ્યારે શહેરી વિસ્તારોમાં આ વધારો ૫.૭ ટકા હતો. રિઝર્વ બેન્કનું કહેવું છે કે બીજા અર્ધવાર્ષિક ગાળામાં ૪ ટકા મોંઘવારીનો લક્ષ્યાંક હાંસલ કરી શકાય છે.

## ચારધામ યાત્રામાં લાખો લોકો ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ : હજારો યાત્રાળુઓ દર્શન કર્યા વિના જ પરત ફર્યા

### યમનોત્રીમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ : છેલ્લા ૧૧ દિવસમાં ૩૯ શ્રધ્ધાળુઓનાં મોત : યાત્રાળુઓને ૬૦ મીનીટમાં દર્શન કરી પરત ફરવાનો આદેશ

દહેરાદુન, તા. ૨૨


હિન્દુઓની પવિત્ર ચારધામ યાત્રામાં હજારો-લાખોની સંખ્યામાં યાત્રાળુ ઉમટી પડયાને પગલે અંધાધુંધીની પરિસ્થિતિ સર્જાય ગઈ છે અને વહીવટી તંત્ર દ્વારા વધારાની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં ભાવિકો દર્શન કર્યા વિના પરત ફરવા લાગ્યા હોવાની પરિસ્થિતિ ઉભી થવા લાગી છે.

પવિત્ર ચારધામ યાત્રામાં ભાવિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે શ્રેણીબધ્ધ પગલા ઉઠાવવામાં આવ્યા હોવા છતાં હજારોની ભીડને કારણે લોકોને દર્શન કર્યા વિના જ પાછા ફરવાનો વખત આવ્યો છે. મોટી સંખ્યામાં યાત્રાળુઓ ઉમટી પડયા હોવાના કારણે અને વારો આવવામાં કલાકોનો સમય લાગતો હોવાના કારણે ચાર હજાર જેટલા યાત્રાળુઓ દર્શન કર્યા વિના જ પરત ફરી ગયા હોવાનું બહાર આવ્યું છે. ભાવિકોના અસામાન્ય પ્રવાહને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ઓફલાઈન રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું હોવાના કારણે સેંકડો ભાવિકો મુશ્કેલીમાં મુકાયા છે. ઋષિકેશમાં રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૧૨ હજાર યાત્રાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યા હતા. પરંતુ તેઓની વ્યવસ્થા નહીં થઈ શકતા ચાર હજાર યાત્રાળુ દર્શન કર્યા વિના જ પરત ફરી ગયા છે.

યમુનોત્રી યાત્રામાં વધતી જતી ભીડના કારણે ઉતર કાશીના કલેકટરે કલમ ૧૪૪ લાગુ કરવાનો આદેશ આપ્યો છે. જે અંતર્ગત જાનકી ચટ્ટીથી યમુનોત્રી સુધીનાં પગપાળા માર્ગમાં ઘોડા-ખચ્ચર અને ડંડી-કંડીની સંખ્યા નકકી કરવામાં આવી છે. ચારધામ સરકીટ પર છેલ્લા ૧૧ દિવસમાં ૩૯ શ્રધ્ધાળુઓનાં મોત થયા હોવાનું જાણવા મળે છે.

દરેક ઘોડા-ખચ્ચરના યાત્રીઓને યમુનોત્રી લઈ જવા અને દર્શન બાદ તેમના પરત ફરવાની સમય સીમા પાંચ કલાકની નકકી કરાઈ છે. સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે પાંચ કલાકથી વધુ કોઈપણ ઘોડા-ખચ્ચર યાત્રા માર્ગ પર નહીં રહે. યમુનોત્રી ધામ પર યાત્રીને ૬૦ મીનીટમાં યમુનોત્રીનાં દર્શન કરવાની વાત પણ આદેશમાં કહેવાઈ છે.

## ગુજરાતમાં કોરોનાનાં નવા વેરીએન્ટની એન્ટ્રી : સમગ્ર દેશમાં ૨૯૦ કેસ નોંધાયા



નવી દિલ્હી,તા.૨૨

તાજેતરમાં સિંગાપોરમાં તબાહી મચાવનારા કોરોનાના કેપી.૧ અને કેપી.૨ વેરિએન્ટે ભારતમાં ગુજરાત સહિત વિવિધ રાજયોમાં એન્ટ્રી કરતા દેશમાં કોરોનાના નવા વેરિએન્ટ કુલ ૩૨૪ જેટલા કેસ નોંધાયા છે.

જેમાં કેપી.૨ના ૨૯૦ અને કેપી.૧ ના ૩૪ કેસોનો સમાવેશ થાય છે. ગુજરાતના ૨૩ કેસોની સાથે સાથે દેશના વિવિધ રાજયોમાં કોરોનાના નવા વેરિએન્ટના કેસ નોંધાયા છે. હાલ તો આ બીમારીના કોઈ ગંભીર કેસ જોવા મળ્યા નથી તેથી ચિંતાનું કોઈ કારણ નથી પણ તેને હળવાસથી લઈ શકાય નથી કારણ કે સાર્સ-કોવ-૨ના પરિવારમાંથી આ વેરિએન્ટ આવે છે. જે ખૂબ ઝડપથી ફેલાય છે. દેશના ૭ રાજયોમાં કેપી-૧ કેસ મળી આવ્યા છે. જેમાં બંગાળમાં ૨૩ કેસ, ગોવામાં ૧ કેસ, ગુજરાતમાં ૨, હરિયાણામાં ૧, મહારાષ્ટ્રમાં ૪, રાજસ્થાનમાં ૨ અને ઉત્તરાખંડમાં ૧ દર્દી મળી આવ્યો છે.

કેપી-૨ની સંખ્યા ઘણી વધુ છે આમાંથી મોટાભાગના દર્દીઓ મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે. અહીં આવા દર્દીઓની સંખ્યા ૧૪૮ છે. જયારે ગુજરાતમાં ૨૩, દિલ્હીમાં ૧, ગોવામાં ૧૨, હરિયાણામાં ૩, કર્ણાટકમાં ૪, મધ્યપ્રદેમાં ૧, ઓરીસ્સામાં ૧૭, રાજસ્થાનમાં ૨૧, યુપીમાં ૮, ઉતરાખંડમાં ૧૬ પશ્ચિમ બંગાળમાં ૩૬, દર્દીઓ મળી આવ્યા છે.


**દાણાપીઠમાં મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું,૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.

: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

UNIQUE
IVF Center | Gynaec Hospital
**યુનિક**
મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો. જય માકડીયા (યુરોલોજીસ્ટ) નિયમિત મળશે
ડો. દિવ્યાંગ પટેલ (સર્જન)
ડો. વિનય હરીયાણી (સર્જન)
ડો. દિપ્તી પટેલ (આંખની સર્જન)
ડો. બિજલ હરિયાણી (હોમીયોપેથી)
ડો. પ્રિન્જલ અઘેરા (પેથોલોજી)
ડો. પ્રવિણ દુધાત (ગાયનેક)
ડો. બિલેશ વેકરીયા (ગાયનેક)
ડો. ગિષ્મા દુધાત (ગાયનેક)
ડો. વિભૂતિ વેકરીયા (ફિઝીયોથેરાપીસ્ટ)
ડો. દેવેન ગોહેલ (એનેસ્થેટીસ્ટ)
ફોન : ૦૨૮૫ ૨૬૬૦૧૩૩ ૨૬૩૫૪૩૫
અક્ષર પ્લાઝા-૩ પાછળ, બેબીલેન્ડ સ્કુલની સામે, ઝાંઝરડા બાયપાસ ચોકડી, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો





CMYK

# જૂનાગઢના સક્કરબાગ પ્રાણીસંગ્રહાલયમાં કાળઝાળ ગરમી સામે પ્રાણીઓને ઠંડક આપવા આગવી વ્યવસ્થા ગોઠવાઈ







## બરફ, ફુવારા અને નેટનો ઉપયોગ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેરમાં આવેલ પ્રખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સંગ્રાહલયમાં રહેતા પ્રાણી-પક્ષીઓ માટે ગરમીના આ સમયમાં ઠંડક અને રાહત મેળવવા માટે આગવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત ગરમીમાં રાહત આપવા માટે પ્રથમ વખત એન્ટ્રી ગેઈટ તેમજ ખુલ્લી જગ્યામાં પણ નેટ અને ફોગર લગાવવામાં આવ્યા છે. જેથી ગરમી સામે રાહત મળી શકે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં પશુ,પક્ષી અને પ્રાણીઓને ગરમીથી રાહત આપવા બરફ, ફુવારા અને નેટનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આ રીતે કરવાથી ગરમીમાં ૧૦ ડિગ્રીનો ઘટાડો કરી શકાય છે. આ અંગે સક્કરબાગના અધિકારીએ જણાવ્યું હતું કે, હાલમાં જૂનાગઢ શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો હતો. ત્યારે આવી કાળઝાળ ગરમીમાં સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના પ્રાણીઓને ગરમીથી રાહત આપવા બરફ, ફુવારા અને નેટનો ઉપયોગ કરાઈ રહ્યો છે. ખાસ કરીને મગર વગેરે જળચર જીવોના પાણીના કુંડામાં બરફ નંખાય છે. જેથી વાતાવરણની ગરમી ઓછી લાગે. જ્યારે સિંહ, દિપડા સહિતના વન્ય પ્રાણીઓના પાંજરામાં પણ બરફની પાટો મૂકાય છે તેમજ સ્પ્રિંકલર- ફૂવારા મૂકી ગરમી ઓછી લાગે તે માટે પ્રયાસ કરાય છે. જ્યારે પક્ષીઓના પાંજરા પણ ફૂવારા અને નેટ લગાવી દેવાઈ છે. ઠંડક માટે દરરોજ આશરે ૩૫૦ કિલોથી વધુ બરફનો ઉપયોગ કરવામાં આવે છે. વિશેષમાં રીંછ અને મોમોઝ માટે વિવિધ ફ્રુટની આઈસ કેન્ડી બનાવીને અપાય છે જેથી તેમના શરીરનું તાપમાન જળવાઈ રહે અને તેને હેલ્ધી ફૂડ મળી શકે.

# આંતરરાષ્ટ્રીય મોઢ બ્રાહ્મણ જ્ઞાતિમાં ટ્રસ્ટી પદે હિરેન ત્રિવેદીની વરણી



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૨

ગુ.હા.સ.ચા. મોઢ બ્રાહ્મણ આંતરરાષ્ટ્રીય જ્ઞાતિના ટ્રસ્ટી પદે રવિવાર તા. ૧૯ ના રોજ રાજકોટ ખાતે યોજાયેલા મહા અધિવેશનમાં જામનગરના સિનીયર પત્રકાર તેમજ મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના અગ્રણી સામાજિક કાર્યકર હિરેન ગુણવંતરાય ત્રિવેદીની બિનહરીફ વરણી થતાં જ્ઞાતિમાં આનંદનો માહોલ છવાયો છે, આ અગાઉ તેઓ જામનગર ખાતે વાડીમાં તેમજ યુવા સોશ્યલ ગ્રુપમાં અનેક સેવાકીય કાર્યો કરી ચૂક્યા છે, બ્લડ કેમ્પ હોય કે નિદાન કેમ્પ, જ્ઞાતિની અન્ય સેવાકીય પ્રવૃતિઓમાં તેઓ હંમેશા અગ્રેસર રહે છે, જામનગર તાલુકા અભ્યુદય મંડળ અને યુવા સોશ્યલ ગ્રુપ જામનગરમાં તેઓ અગાઉ ટ્રસ્ટી પદે અને પ્રમુખ પદે રહી ચૂક્યા છે, લાંબા સમય બાદ જામનગરની જ્ઞાતિના કાર્યકરને આ પ્રકારનું મહત્વનું પદ મળતા જામનગરની જ્ઞાતિમાં કાર્યકરોમાં ઉત્સાહની લાગણી જન્મી છે.

# વિસાવદર તાલુકાના ભલગામ ગામે ખનીજ ચોરી અંગે બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

વિસાવદર તાલુકાના ભલગામની સીમમાંથી ખનીજ ચોરીના બનાવ અંગે બે સામે ફરિયાદ નોંધાઈ છે. વિસાવદર પોલીસ સ્ટેશનના એએસઆઈ ભરતભાઈ વિરાભાઈએ ભલગામના હાથીભાઈ બાવકુભાઈ બસીયા અને ભવદીપભાઈ હાથીભાઈ બસીયા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીઓએ અગાઉ વિસાવદર પોલીસ સ્ટેશનના સીઝ કરેલ ખનીજના ઢગલાઓ પૈકી ઢગલા નંબર ૧૪, ૧૫ તથા ૧૬ જે ત્રણ ઢગલાઓ મળી કુલ ૬૭.૩૨ ઘન મીટર સોફટમોરમ ખનીજનું સંગ્રહ થયેલ ઢગલાઓમાંથી ૧૦૦.૩૦૬૮ મે.ટન સોફટ મોરમ ખનીજ(સ્પે.ગ્રેવીટી ૧.૪૯ લેખે ગણતરી કરતા) જે મુજબ ગણતરી કરતા ખનીજ કિંમત ૧૫૦ લેખે રૂા.૧૫૦૪૭ તેમજ પર્યાવરણીય નુકસાની વળતરના ૬૧૬૯ આમ મળીને કુલ રૂા.૨૧,૨૧૬ ખનીજ કિંમતની સોફટમોરમ ખનીજની ચોરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીનાં ટીકર ગામ નજીક પ્રેમ પ્રકરણમાં યુવક ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર)

વંથલી તા.૨૨

વંથલી તાલુકાના ટીકર ગામે પાણીના અવેડા પાસે બનેલા બનાવમાં પ્રેમ પ્રકરણમાં યુવક પર યુવતીના પિતા સહિત ત્રણ વ્યકિતઓએ હુમલો કર્યાની ફરીયાદ વંથલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ અંગે વંથલી પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફરીયાદી આશીષભાઈ દેવાયતભાઈ સોલંકી(ઉ.વ.૨૬) રહે.કોયલાણા ઘેડ વાળાએ બટુકભાઈ ધરણાંતભાઈ પાનેરા, વિજય રાજશીભાઈ પાનેરા અને નિશીત રાજશીભાઈ પાનેરા રહે.ત્રણેય ઘેડ કોયલાણાવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને બટુકભાઈ પાનેરાની પુત્રી સાથે પ્રેમ સંબંધ હોય અને ફોન પર વાત કરતા પકડાઈ ગયેલ હોય જે વાતનું મનદુઃખ રાખી ફરીયાદી પોતાની વાડીએ જતા હોય ત્યારે આરોપીઓએ મોટર સાયકલ પર આવી ટીકર ગામના અવેડા પાસે રોકાવી નીશીતે પાવડાનો હાથો મારી, વિજય પાનેરાએ હાથમાં પાવડાના હાથા વડે માર મારી ફ્રેકચર કરેલ જયારે બટુકભાઈ પાનેરાએ બેલા વડે ડાબા પગમાં બે ત્રણ વાર મારી ફ્રેકચર કરી મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ વંથલી પોલીસ સ્ટેશનના પીએસઆઈ રાણાએ હાથ ધરી છે.

### ગુજરાત યુનિવર્સિટીએ

# લાઈબ્રેરીમાં ફરજ બજાવતાં કર્મચારીને ઘરેબેઠાં એક વર્ષ પગાર ચૂકવ્યો

## તાકીદે પગલાં લેવામાં ન આવે તો જાહેરહિતની અરજી કરવા સસ્પેન્ડેડ પ્રોફેસરની ચીમકી

અમદાવાદ , તા.૨૨

ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં એક અધિકારીના પત્નીને સરસપુર વાંચનાલય ખાતે નોકરી કરતાં હતા તે દરમિયાન વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૩ સુધી સળંગ એક વર્ષ સુધી નોકરીના સ્થળે હાજર ન હોવાછતાં પગાર ચુકવવામાં આવ્યો હોવાની ફરિયાદ સસ્પેન્ડ કરાયેલા પ્રોફેસરે કરી હતી. આ કિસ્સાં અધિકારીના પત્ની સામે આજસુધી કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં ફરિયાદ પીએમઓ સુધી પહોંચી હતી. આગામી દિવસોમાં આ મુદ્દે ભારે વિવાદ ઉભો થાય તેવી પણ શક્યતા છે.

યુનિવર્સિટીમાં હાલમાં સમાજવિદ્યા ભવનના પ્રોફેસર મુકેશ ખટ્ટીકને મહિલા પ્રોફેસરની કથિત જાતિય સતામણીના કિસ્સામાં હાલમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અધ્યાપકે પીએમઓ પોર્ટલ સહિતની જુદી જુદી જગ્યાએ ત્રણ માસ પહેલા ફરિયાદ કરી હતી. આ ફરિયાદમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, સરસપુર વાંચનાલય ખાતે જે તે સમયે ફરજ બજાવતાં કર્મચારી શ્રીમતી આર.યુ.પારઘી પોતાની ફરજના સ્થળે ફેબ્રુઆરી ૨૦૨૨થી ૧૫મી ફેબ્રુઆરી ૨૩ સુધી ગેરહાજર રહ્યા હતા. આ સમયે તેઓએ કોઈપણ પ્રકારની રજાઓ પણ મુકી નહોતી આમછતાં તેઓ નિયમિત પગાર મેળવતાં હતા. આ અંગેની ફરિયાદ તેમના વિભાગના વડા દ્વારા યુનિવર્સિટી સત્તાધીશો સમક્ષ કરવામાં આવી હતી પરંતુ તેમની સામે કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવ્યા નહોતા. ફરિયાદમાં એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે, આ મહિલા કર્મચારી સામે જે પ્રકારની ફરિયાદ હતી તેમાં કાયદાકીય કાર્યવાહી કરવાના બદલે તેમના પતિ રાજેશ ડામોર કે જેઓ યુનિવર્સિટી ટાવરમાં ફરજ બજાવે છે તેમને સૌથી સંવેદનશીલ ગણાતા મહેકમ વિભાગના વડા તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી હતી. આમ, જે અધિકારીના પત્ની ઓફીસમાં આવ્યા વગર જ એક વર્ષ સુધી સળંગ પગાર મેળવ્યો તેમની સામે કાર્યવાહીના બદલે તેના પતિને જે તે સમયે મહેકમ વિભાગના વડા બનાવી દેવામાં આવતાં સમગ્ર કિસ્સામાં જાણી જોઈને બચાવવા માટે પ્રયાસ થતાં હોવાના આક્ષેપ પણ કરાયા છે. જોકે, હાલ તો અધિકારીને મહેકમમાંથી દૂર કરવામાં આવ્યા છે. પરંતુ તેમના પત્ની મહિલા કર્મચારી પર હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી. આ મુદ્દે પગલાં લેવામાં ન આવે તો જાહેરહિતની અરજી કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

### સ્માર્ટ મીટરનો વિવાદ હાઈકોર્ટ પહોંચ્યો

# વીજ કંપનીને સ્માર્ટ મીટર નહીં લગાવવા દેવાની દાદ સાથે હાઈકોર્ટમાં પિટિશન

## વડોદરાના રહેવાસી વાસુદેવ ઠક્કર દ્વારા આ રિટ પિટિશન કરાઈ છે, જેની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાય એવી શક્યતા છે

અમદાવાદ,તા.૨૨

આ રિટમાં મધ્ય ગુજરાત વીજ કં.લિ. દ્વારા સ્માર્ટ મીટર લગાવવાના આગ્રહ સામે અરજદારે રિટ કરી છે. જેમાં એવી રજૂઆત કરી છે કે,'અરજદારે પ્રત્યેક વીજ કનેક્શનના એડવાન્સ વીજ વપરાશની ડિપોઝીટની રકમ વીજ કંપનીને તેમના માંગ્યા મુજબ કચેરીમાં ડિપોઝીટ કરાવેલી છે. આ વીજ કનેક્શનના પોસ્ટ પેઈડ મીટરોથી હાલ અરજદાર સંતુષ્ટ છે અને જ્યારે પ્રિ પેઈડ મીટરોની જરૂર જણાશે ત્યારે અમે વીજ કનેક્શન માટે તે મીટર લગાવવા વીજ કંપનીને અગાઉથી જાણ કરીશું. હાલ અમે અમારા પોસ્ટ પેઈડ વીજ મીટરોને પ્રિ પેઈડ સ્માર્ટ મીટરો સાથે બદલવા માંગતા નથી. તેમ છતાંય કાયદાથી વિરુદ્ધ જઈને મધ્ય ગુજરાત વીજ કં.લિ. દ્વારા અમારા તથા અમારી કૌટુંબીક મિલ્કતોમાં લગાવેલા વિવિધ પોસ્ટ પેઈડ મીટરો અનઈન્સ્ટોલ કરીને મનસ્વી રીતે પ્રિપેઈડ સ્માર્ટ મીટરો ઈન્સ્ટોલ ન કરે તેવા આદેશ કરવા જોઈએ.' રિટમાં એવી દાદ માંગવામાં આવી છે કે,'ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની કલમ ૪૭ની પેટા કલમ (૫)માં સ્પષ્ટ દર્શાવ્યું છે તે મુજબ ફક્ત જે જે વીજ ગ્રાહકો અંદાજિત વીજ વપરાશની એડવાન્સ રકમની ડિપોઝીટ વીજ કંપનીને જમા કરવા માંગતા ન હોય, તેવા ગ્રાહકોને પ્રિપેઈડ સ્માર્ટ મીટરો ઈન્સ્ટોલ કરી આપે. જે ગ્રાહકો અંદાજિત વીજ વપરાશની એડવાન્સ રકમની ડિપોઝીટ વીજ કંપનીને જમા કરી હોય અને જમા કરવા માંગતા હોય તેવા ગ્રાહકોને ફક્ત પોસ્ટ પેઈડ વીજ મીટરોથી જ વીજ સપ્લાય પૂરા પાડે તેવી જોગવાઈ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ઈન્સ્ટોલેશન એન્ડ ઓપરેશન ઓફ મીટર રેગ્યુલેશન ૨૦૦૬માં એમેન્ડ કરવામાં આવે તેવો આદેશ પણ કરવો જોઈએ.' અરજદાર દ્વારા હાલમાં જે જાહેરનામાને લઈને વિવાદ શરૂ થયો છે તેની કાયદેસરતા અને બંધારણીયતાને પણ પડકારી છે. જે મામલે એવી રજૂઆત કરી છે કે,'અરજદારની કૌટુંબીક મિલ્કતોમાં લગાવાયેલા વીજ કનેકશનના રેગ્યુલર પોસ્ટ પેઈડ મીટરો બદલી પ્રિ પેઈડ સ્માર્ટ મીટરો રિપ્લેસ કરવાનો એમજીવીસીએલનો ઈરાદો ધ્યાને આવતાં જોગવાઈનો અભ્યાસ અરજદાર દ્વારા કરાયો છે. રિટમાં રજૂઆત છે કે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ઈન્સ્ટોલેશન એન્ડ ઓપરેશન ઓફ મીટર રેગ્લુયેશન ૨૦૦૬ના ૨૩-૧૨-૨૦૧૯ના એમેન્ડમેન્ટ જાહેર કરાયા બાદ કેન્દ્ર સરકારના મિનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા ઈલેક્ટ્રિસિટી રાઈટ ઓપ કન્ઝ્યુમર રૂલ્સ ૨૦૨૦ને ૩૧-૧૨-૨૦૨૦ના રોજ અમલમાં લવાયો છે, તે નિયમમાં પ્રિ પેઈડ સ્માર્ટ મીટર ફરજિયાત પણે લગાવવાનું ક્યાંય દર્શાવાયું નથી.'

# ગીર સોમનાથ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેનના પુત્રનું અકસ્માતે નિધન

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૨

ગોરખમઢી ની નિવાસ અને જિલ્લા પંચાયત ગીર સોમનાથ બાંધકામ સમિતિ ચેરમેન શ્રી બાબુભાઈ રામભાઈ પરમાર ના યુવાન પુત્ર સ્વ. વિપુલભાઈ બાબુભાઈ પરમાર ઉંમર વર્ષ - ૨૦ નું તા.૨૧/૫/૨૪ ને મંગળવાર ના રોજ અકસ્માતે અવસાન થયેલ છે. સદગત નું બેસણું તા.૨૩/૫/૨૪ને ગુરૂવારના રોજ ગોરખમઢી તેમના નિવાસ સ્થાને સવારે ૮ થી સાંજે ૬ કલાક સુધી રાખેલ છે.



## :: અવસાન નોંધ ::

જૂનાગઢ નિવાસી જયેશ દિલસુખભાઈ વાઘેલા તે મનસુખભાઈ વાઘેલા, હીરેનભાઈ પરમારનાં ભાઈનું તા. ૨૦ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૩નાં સાંજે ૫ થી ૭ અંબિકા મંદિર, અંબિકા ચોક, નાગર રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

ગૌ.વા. પ્રભુદાસ વિઠ્ઠલદાસ આડેસરા(ઉ.વ. ૯૪) તે ધ્રોલનાં ઝવેરી વિઠ્ઠલદાસ ઠાકરસીભાઈ આડેસરાના પુત્ર, તે સ્વ.જેન્તીભાઈ, સ્વ. પોપટભાઈ, સ્વ. રમણીકલાલ, સ્વ.વૃજલાલનાં ભાઈ તેમજ નિતીનભાઈ, દિલીપભાઈ, તથા મિનાબેનના પિતાશ્રી તેમજ તે દિપેન, ભૂમિકા, મિત, શ્વેતા, નકસી, હર્ષિલ, હેત્વીકના દાદા તથા કોટાનાં હિરાભાઈ ઘેલાભાઈ પારેખના જમાઈનું અવસાન તા. ૨૦/૫/૨૦૨૪ ને સોમવારના રોજ થયું છે. તેમનું બેસણું તા.૨૩/૦૫/૨૦૨૪ને ગુરૂવારના રોજ સોની સમાજની વાડી યુનીટ નં. ૧ કોઠારીયા નાકા મુકામે સવાર ૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાક રાખ્યું છે.

# ભારતીય મૂળની મહિલા કેલિફોર્નિયા કોર્ટમાં જજ બની

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકાની વસ્તીમાં માત્ર એક ટકા ભારતીય મૂળના લોકો છે. પરંતુ માત્ર આ એક ટકા રાજકારણથી લઈને અર્થતંત્ર અને ન્યાયતંત્ર સુધીની દરેક બાબતમાં નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે.હવે ભારતીય મૂળની જયા બદિગાની કેલિફોર્નિયામાં જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ બાબત પણ ઘણી મહત્વની છે કારણ કે જયા બદિગા ભારતના તેલુગુ ભાષી રાજયમાંથી કેલિફોર્નિયામાં જજ બનનાર પ્રથમ વ્યક્તિ છે. જયા બદિગાને સેક્રામેન્ટો કાઉન્ટી સુપિરિયર કોર્ટમાં જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.જયા બડિગાનો જન્મ આંધ્ર પ્રદેશના વિજયવાડામાં થયો હતો. તેણે પોતાનો પ્રારંભિક અભ્યાસ હૈદરાબાદમાં જ પૂર્ણ કર્યો. તેણે હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીમાંથી સાયકોલોજી અને પોલિટિકલ સાયન્સમાં બી.એ.ની ડિગ્રી મેળવી છે.તેણે આગળનો અભ્યાસ અમેરિકામાં કર્યો. તેણે સાન્ટા કલેરા યુનિવર્સિટી સ્કૂલ ઓફ લોમાંથી જ્યુરીસ ડોક્ટરની ડિગ્રી મેળવી. આ સાથે તેણે બોસ્ટન યુનિવર્સિટીમાંથી ઈન્ટરનેશનલ રિલેશન્સ અને ઈન્ટરનેશનલ કોમ્યુનિકેશનમાં એમએ કર્યુ છે. વર્ષ ૨૦૦૯માં તેણે કેલિફોર્નિયા સ્ટેટ બારની પરીક્ષા પાસ કરી.જયા બડિગાએ કેલિફોર્નિયામાં ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ કેર સર્વિસીસમાં સ્ટાફ કોન્સલ, એટની સલાહકાર, મેનેજિંગ એટની અને એટની તરીકે સેવા આપી હતી. જજ બનતા પહેલા, તે સેક્રામેન્ટો કાઉન્ટી સુપિરિયર કોર્ટમાં

# લોન કરી આપવાનું કહી ગઠિયાએ નાણાં મેળવીને ફોન ખરીદીને લોન ક્લોઝ કરી નાખી

અમદાવાદ, તા.૨૨

પાલડીમાં રહેતા એક યુવકે ફેસબુક પર ઈન્સ્ટાકેશ નામના પેજ પર એક જાહેરાત જોઈ હતી. બાદમાં લોન કરાવવા માટે તેને એક ફોન આવ્યા બાદ તેણે પ્રોસેસ કરી હતી. બોપલમાં આવેલા ફોનવાલે શોપમાં તે ગયો ત્યારે એક શખ્સે લોન પ્રોસેસ પણ કરી હતી. જોકે બાદમાં સામે આવ્યુ કે ફોનવાલેમાં મળેલા શખ્સે લોન લઈને તે નાણાંનો ફોન ખરીદીને લોન ક્લોઝ કરાવી હતી. જો કે આરોપીએ હપ્તા ન ભર્યા હોવાથી યુવક સાથે છેતરપિંડી થઈ હતી. જે મામલે બોપલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પાલડીમાં રહેતા ભાવિક વાઘેલાએ ફેસબુક પર ઈન્સ્ટાકેશ નામના પેજ પર લોનની જાહેરાત જોઈ હતી. તેમાં તેમણે નામ અને નંબરની વિગતો ભરી હતી. જે બાદ તેમને એક મહિલાનો ફોન આવ્યો હતો. આ મહિલાએ આધારકાર્ડ પાનકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ માંગતા ભાવિકભાઈએ વોટ્સએપ પર તમામ ડોક્યુમેન્ટ મોકલી આપ્યા હતા. બાદમાં એક શખ્સે ફોન કરીને લોકેશન મોકલતા ભાવિકભાઈ તેમના પત્ની સાથે બોપલમાં ફોનવાલે દુકાન પર ગયા હતા. ત્યાં મોઈન નામના માણસને મળ્યા હતા જેણે લોન પ્રોસેસ શરૂ કરી હતી. ત્યારબાદ ભાવિકભાઈ ત્યાંથી નીકળી ગયા હતા પરંતુ તેમને ફરીથી બોલાવીને બેંક એકાઉન્ટ નંબર સહિતની વિગતો શખ્સોએ મેળવી હતી. ભાવિકભાઈને માત્ર ૨૫ હજારની જ લોનની જરૂર હોવા છતાંય આરોપીઓએ રૂા. ૫૦ હજારની લોન કરી નાખી હતી. જેથી તેમણે વાંધો ઉઠાવતા આરોપીઓએ માત્ર ૪૦ હજાર જ ભરવાના કહીને ભાવિકભાઈને તેમની વાતોમાં ભોળવ્યા હતા. જો કે બાદમાં ભાવિકભાઈએ તપાસ કરતા સામે આવ્યુ કે આરોપીઓએ રૂા. ૫૦ હજારની લોન લઈને ફોન ખરીદી લઈને લોન ક્લોઝિંગના ખોટા ડોક્યુમેન્ટ બતાવી છેતરપિંડી આચરી હતી. જે મામલે બોપલ પોલીસે દિક્ષીત ઉર્ફે મોન્ટુ સોની સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજસ્થાનમાં ગરમીના કારણે મેડિકલ સ્ટાફની રજાઓ રદ

રાજસ્થાન, તા.૨૨

રાજસ્થાનમાં હીટ સ્ટ્રોકના પ્રકોપને ધ્યાનમાં રાખીને, તબીબી અને આરોગ્ય વિભાગે તમામ તબીબી કર્મચારીઓની રજાઓ રદ કરી છે અને તેમને ફક્ત મુખ્યાલયમાં રહેવા માટે પ્રતિબંધિત કરી દીધા છે. ખાસ સંજોગોમાં, કર્મચારીઓ સક્ષમ સ્તરેથી મંજૂરી પછી જ રજા પર જઈ શકશે. રજાની મંજૂરી અંગેની માહિતી ડિરેક્ટોરેટને આપવી પડશે.મેડિકલ અને હેલ્થ ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્રેટરી શુભ્ર સિંહના નિર્દેશ પર મેડિકલ એન્ડ હેલ્થ ડિરેક્ટોરેટે આ સંબંધમાં એક પરિપત્ર બહાર પાડ્યો છે. પરિપત્ર મુજબ, ડોકટરો, નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફની રજાઓ રદ કરવામાં આવી છે અને તેમને હીટ સ્ટ્રોકના નિવારણ અને સારવાર માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.જાહેર આરોગ્ય નિયામક ડૉ. રવિ પ્રકાશ માથુરે જણાવ્યું હતું કે પરિપત્રમાં સૂચના આપવામાં આવી છે કે તબીબી સેવાઓ સંબંધિત કચેરીઓમાં કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રહેશે. ઈમરજન્સીના કિસ્સામાં નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૦૮, ૧૦૪ અને હેલ્પલાઈન નંબર ૧૦૭૦ પર પણ સંપર્ક કરી શકે છે. આ હેલ્પલાઈન નંબરોનો વ્યાપકપણે પ્રચાર કરવા સૂચનાઓ આપવામાં આવી છે.પરિપત્રમાં, તમામ તબીબી સંસ્થાઓમાં હીટ સ્ટ્રોકના દર્દીઓ માટે પથારી અનામત રાખવા, જરૂરી દવાઓ અને પરીક્ષણ સુવિધાઓ અને પર્યાપ્ત માત્રામાં આઈસ પેક, આઈસ ક્યુબ્સ વગેરેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. તેમજ એમ્બ્યુલન્સમાં એર કંડિશનર સારી સ્થિતિમાં છે અને કટોકટીની સ્થિતિમાં સારવાર માટે જરૂરી દવાઓ અને સાધનો ઉપલબ્ધ છે તેની ખાતરી કરવાની રહેશે.પરિપત્રમાં આશા વર્કરોને હીટ સ્ટ્રોકને લગતી વ્યાપક ઈઝ પ્રવૃતિઓ હાથ ધરીને ગરમી અને ગરમીથી રક્ષણ વિશે સામાન્ય લોકોને જાગૃત કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, મનરેગા સાઈટ્સ પર મેડિકલ કીટની ઉપલબ્ધતા અને હોસ્પિટલોમાં પાણી અને વીજળીનો સુચારૂ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. આ તમામ વ્યવસ્થાઓ અંગે દરરોજ નિયત ફોર્મેટમાં માહિતી નિયામક કચેરીને મોકલવાની રહેશે. જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન રાખીને, ડાયરેક્ટોરેટને હીટ વેવથી બચવા માટે લેવાયેલા પગલાં વિશે જાણ કરવાની રહેશે.

# જો હું મારી જાતને આપેલું વચન પૂરું નહીં કરી શકું તો હું ભાજપ છોડી દઈશ : શેખર સુમન

મુંબઈ, તા.૨૨

'હીરામંડી'માં પોતાના કામ માટે વખાણ કરી રહેલા અભિનેતા શેખર સુમન તાજેતરમાં જ ભાજપમાં જોડાયા હતા. હવે શેખરે કહ્યું છે કે તેણે પોતાની રાજકીય કારકિર્દી માટે સમય મર્યાદા નક્કી કરી છે. જો તે નિર્ધારિત સમયમાં પાટીની સેવા નહીં કરી શકે તો તે ભાજપ છોડી દેશે. શેખરે એમ પણ કહ્યું કે તેઓ તેમના ઉદ્યોગ અને રાજ્યની સેવા કરવા માટે રાજકારણમાં જોડાયા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# પાકિસ્તાન પર ચારે દિશાએથી દબાણ ઉભુ કરવું જોઈએ

એ જોવું ઉલ્લેખનીય છે કે જ્યારે ભારતીય કાશ્મીરમાં લોકો મતદાન માટે મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે, ત્યારે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં અશાંતિ અને ઉપદ્રવને કારણે હાલત બેકાબૂ થઈ રહી છે. આ સ્થિતિ દેશના લોકોએ જોવી જોઈએ, સાથે જ દુનિયાએ પણ જોવી જોઈએ અને તેની નોંધ લેવી જોઈએ. ભારતે પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરની બગડતી હાલત અને ત્યાં થઈ રહેલ લોકોના દમન પ્રત્યે વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવું જોઈએ. ત્યાંની સ્થિતિઓને વિશ્વ મંચો પર ઉઠાવવામાં એટલા માટે સંકોચ ન કરવો જોઈએ, કારણ કે પાકિસ્તાનના ગેરકાયદે કબ્જાવાળું જમ્મુ-કાશ્મીર ભારતનો જ ભૂભાગ છે અને સંસદમાં એ આશયથી એક સંકલ્પ પણ પસાર કરી દેવાયો છે કે આ હિસ્સાને હાંસલ કરવામાં જ આવશે. આ દૃષ્ટિએ ભારતનો એ નૈતિક અને બંધારણીય અધિકાર છે કે તે પોતાના આ ભૂભાગમાં લોકોના દમન અને ઉત્પીડન વિરૂધ્ધ અવાજ ઉઠાવે. એવું એટલા માટે પણ કરવું જોઈએ, કારણ કે એક તો ત્યાંના લોકો ભારતની મદદની અરજ કરી રહ્યા છે અને બીજું, પાકિસ્તાને એવો માહોલ બનાવ્યો છે કે તેને ભારતીય કાશ્મીર મામલે બોલવાનો અધિકાર છે. તે જ્યારે-ત્યારે ભારતીય કાશ્મીરને લઈને વિશ્વ મંચો પર બોલતું પણ રહે છે. આ જ યોગ્ય સમય છે કે પાકિસ્તાનને આઈનો દેખાડવામાં આવે. એના પર ચોતરફી દબાણ ઊભું કરવાનો આ ખરો સમય છે, કારણ કે તે ભારતીય કાશ્મીરમાં દખલ કરવાની પોતાની ટેવ છોડતું નથી.

ભારતે પેલી પારના કાશ્મીરના લોકોને એ સંદેશ સતત આપવો જોઈએ કે તેમનું હિત ભારત સાથે જોડાવામાં છે. ત્યાં માનવાધિકારોનું જેવું નિર્મમતાથી દમન કરવામાં આવી રહ્યું છે, તેને એટલા માટે ઉજાગર કરવું જોઈએ કે જેથી દુનિયાને ખબર પડે કે પાકિસ્તાન પોતાના ગેરકાયદે કબ્જાવાળા જે વિસ્તારને આઝાદ કાશ્મીર કહે છે, ત્યાંના લોકો ગુલામો જેવું જીવન જીવી રહ્યા છે. પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિઓ કેટલી ખરાબ છે, તેની ખબર એ પરથી પડે છે કે ત્યાં જ્યારે પોલીસથી હાલત સુધરી ન શકી અને તેને લોકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો તો ત્યાં સેના ઉતારવી પડી. એનાથી પણ વાત બનતી દેખાતી નથી, કારણ કે લોકો મોંઘવારીની સાથે સાથે અત્યાચારોથી પણ કંટાળી ગયા છે અને એ જાણી ગયા છે કે કાશ્મીરીઓના હિતેચ્છુ બનવાની આડમાં પાકિસ્તાન કઈ રીતે તેમનું શોષણ કરી રહ્યું છે. ત્યાંના લોકો એ પણ જોઈ રહ્યા છે કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ ભારતીય કાશ્મીરમાં કઈ રીતે હાલત ઝડપતી સુધરી રહી છે અને તે પાકિસ્તાનના શાસન અંતર્ગત કેવી રીતે બીજા દરજ્જાના નાગરિક બની ગયા છે. તેમની માત્ર દરેક સ્તરે ઉપેક્ષા જ નથી થઈ રહી, બલ્કે તેમના સંસાધનોનું દોહન કર્યા બાદ પણ તેમનેવ કિસથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

## ખંભાળિયા મહિલા અરજદારની ભરણપોષણની અરજી નામંજૂર

(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા. ૨૨

ખંભાળિયામાં રહેતા જાગૃતિબેનના લગ્ન રાજકોટ ખાતે રહેતા ચિરાગ કિશોરભાઈ નામના યુવાન સાથે થયા હતા. લગ્ન બાદ અરજદાર મહિલા પોતાની મરજીથી પોતાના માવતરે આવી ગઈ હતી. ત્યાર બાદ તેણીએ તેમના પતિ સામે ભરણપોષણ અંગેની અરજી ખંભાળિયાની ફેમીલી અદાલતમાં કરી હતી. જેને અનુલક્ષીને ફેમિલી કોર્ટના જજ શ્રી દ્વારા વિવિધ દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ, અને અરજદારની ભરણપોષણ મળવાની અરજીના મંજૂર કરી હતી. સામા વાળા તરફે એડવોકેટ કે.પી. પરમાર તેમજ તથા એન.એ. મુન્દ્રા રોકાયા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દરેક અંધકાર એ પ્રકાશ આવવાનો સૂચક છે.

- મત્સ્યપૂરાણ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૧૪ શ્રી આદ્ય શંકરાચાર્ય કૈલાશગમન, શ્રી ઘેલારામ જયંતિ, પા. જરથોસ્તનો દિસો તા.૨૨ મે ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૧૩, સ્વાતિ નક્ષત્ર, વરિયાન યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૨૭
આજનો દિવસ સવારે ૭:૪૬ ક. સુધી શુભ છે
આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), રાત્રે ૨:૫૫ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આકસ્મિક ધન લાભ થાય, દિવસ આનંદમય વ્યતિત થાય.
વૃષભ:વડીલ વર્ગથી લાભ મેળવી શકશો, નવિન શુભ સમાચાર મળે.
મિથુન:આર્થિક લાભ મેળવી શકશો, શેર-સટ્ટામાં લાભ મેળવી શકશો.
કર્ક: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
સિંહ: સ્વમાન ઘવાય તેવા પ્રસંગ બને, આર્થિક પરિસ્થિતિ તંગ રહે.
કન્યા: મુસાફરી-પ્રવાસમાં લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.
તુલા: પડવા-વાગવાથી સંભાળવું, આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.
વૃશ્ચિક:વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, મનમાં ગુપ્ત ચંતા રહે.
ધન: મનનું ધાર્યું થાય નહીં, કાર્યબોઝમાં વધારો થાય.
મકર: મનમાં આનંદ રહે, પ્રસાવ-મુસાફરીના યોગ છે.
કુંભ: નવિન કાર્યમાં સફળતા મળે, લાભની તક સાંપડે.
મીન: આકસ્મિક ધન લાભ થવાની શકયતા છે.

### ગુનાના ૨૪ વર્ષ બાદ નોંધાયેલી FIR માન્ય રખાઈ

# ૯૦ વર્ષની માતાની બનાવટી સહી કરનારા ૭૦ વર્ષના પુત્રને રાહત નહીં : હાઈકોર્ટ

### જમીનના રેકોર્ડની એન્ટ્રીમાં ૭૦ વર્ષના પુત્રે ખોટી સહી કરી હોવાના આક્ષેપ સાથે ૯૦ વર્ષની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી

અમદાવાદ, તા.૨૨

જમીનના રેકોર્ડની એન્ટ્રીમાં 70 વર્ષના પુત્રે ખોટી સહી કરી હોવાના આક્ષેપ સાથે 90 વર્ષની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હોય એવો જવલ્લે જ જોવા મળતો દુર્લભ કેસ હાઈકોર્ટ સમક્ષ આવ્યો છે.

આ મામલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIRમાં આગોતરા જામીન મેળવવા માટે 70 વર્ષના પુત્રે હાઈકોર્ટ સમક્ષ કરેલી અરજી હાઈકોર્ટના જસ્ટિસ જે.સી. દોશીએ ફગાવી કાઢતાં ઠરાવ્યું છે કે,'અરજદાર વિરુદ્ધ ખોટી સહી કરી માતાના ખાતામાંથી રૂ. 10.50 લાખ પોતાના પુત્રના નામે ટ્રાન્સફર કર્યાનો ગુનો પણ નોંધાયો હતો. જેમાં સમાધાન થતાં આ FIR રદ થઈ હતી. જોકે બનાવટી સહી કરવાની પુત્રની મોડસ ઓપરેન્ડી અહીં સામે આવે છે. માતાની બનાવટી સહી કરી તેને જેન્યુઈન તરીકે દર્શાવવાની બાબતને પુત્ર ખૂબ હળવાશથી લેતો જણાય છે. તેથી તેના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન માટેનો આ ફીટ કેસ છે અને તેની જામીન અરજી રદ કરવામાં આવે છે.' જસ્ટિસ દોશીએ આદેશમાં નોંધ્યું છે કે પ્રસ્તુત કેસમાં વિચિત્ર તથ્યોને ધ્યાનમાં લેતાં અરજદાર તરફથી જે કંઈ પણ ચુકાદા તેના પક્ષે રજૂ કરાયા છે એ તેને કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી. બીજી તરફ ધરપકડ એ તપાસની એક પ્રક્રિયા છે અને આવા સમયે આગોતરા જામીનની આપવાની સત્તાનો સંયમપૂર્વક અને કેસ પ્રમાણે ઉપયોગ કરવો પડે. અસામાન્ય કેસોમાં જ આ સત્તાનો ઉપયોગ કરી રાહત આપી શકાય. જે આ કેસમાં લાગૂ કરી શકાય તેમ ન હોઈ આગોતરા જામીન અરજી રદ કરવામાં આવે છે. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું છે કે,'પ્રસ્તુત કેસમાં માતા 90 વર્ષની છે અને તેણે પોતાના 70 વર્ષના પુત્ર સામે ફરિયાદ કરી છે. કલેકટરની અધ્યક્ષતા વાળી SITના રિપોર્ટના આધારે FIR કરાઈ છે.

પુત્ર દ્વારા ખોટું પેઢીનામું પણ બનાવવામાં આવ્યું હતું. પુત્રને રેવન્યૂ ઓથોરિટી સમક્ષ માતા જેટલી ઉંમરની એક મહિલાને રજૂ કરી હતી અને ખોટું પેઢીનામું મેળવવા માટે આ માતા સમાન દેખાતી મહિલાનો ઉપયોગ કર્યો હતો. જેના આધારે તેણે જમીનના રેકોર્ડમાં એન્ટ્રીનો ઉમેરો કર્યો હતો. જેની નોટિસ પણ માતાને નહીં પરંતુ કોઈ થર્ડ પાર્ટીને મળી હતી. અરજદાર પુત્રે 2001માં આ બધું કર્યું હતું પરંતુ SIT દ્વારા હાલમાં જ આ મુદ્દો લેવામાં આવ્યો હતો અને ગાંધીનગર એસ.પી.ને FIR નોંધવાના નિર્દેશ અપાતાં માતા દ્વારા ૨૪ વર્ષ બાદ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. માતા પક્ષે એડવોકેટે કરતાં દલીલ કરી હતી કે,'સરગાસણ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી સમક્ષ પુત્રે માતાના બદલે બીજી મહિલાને પ્રસ્તુત કરી હતી અને તેથી તે ખોટું પેઢીનામું તૈયાર કરી અસલ માતાની જાણ વિરુદ્ધ તમામ વ્યવહારો કરી શકે. પુત્રે માતાની જમીન અને સંપત્તિ પચાવી પાડવાના આશય સાથે સમગ્ર ગુનો આચર્યો હતો.' ફરિયાદી માતા તરફથી એડવોકેટે રજૂઆત કરી હતી કે, સમગ્ર ગુનામાં SITના રિપોર્ટના તરત બાદ ફરિયાદ નોંધાઈ હતી. આવા કેસોમાં માત્ર ફરિયાદ નોંધવામાં વિલંબના કારણે તેના પર અવિશ્વાસ કરી શકાય નહીં. વિલંબનો મુદ્દો ટ્રાયલ દરમિયાન ધ્યાને લઈ શકાય, જ્યાં ફરિયાદી ઉલટતપાસમાં વિલંબ અંગેની સ્પષ્ટતા કરી શકે. તેથી વિલંબથી થયેલી FIRને ગેરકાયદેસર કે અયોગ્ય માની શકાય નહીં. આ તરફ પુત્ર તરફથી એડવોકેટની દલીલ હતી કે 24 વર્ષ બાદ ફરિયાદ થઈ હોવાની બાબત જ અરજદાર પુત્રને આગોતરા જામીન આપવાની તરફેણ કરે છે, પરંતુ હાઈકોર્ટે આ દલીલ ગ્રાહ્ય રાખી નહોતી.

# દ્વારકામાં ડીએનપી ઇંગલીશ મીડીયમ સ્કુલ ખાતે સમરયોગ કેમ્પની શરૂઆત





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૨

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તમામ જિલ્લાઓમાં ૨૦૦ જેટલા સ્થળોએ સમર યોગ કેમ્પની આજથી શરૂઆત થઈ ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકામાં ડી.એન.પી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે સવારે ૭:૦૦ વાગ્યે ૧૦૦ જેટલા ભૂલકાઓ તથા તેમના વાલીઓની હાજરી વચ્ચે સફળતાપૂર્વક શરૂઆત થઈ છે.સ્વામિનારાયણ સંત માધવ પ્રસાદજી,શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા પ્રતિનિધિરૂપે કારોબારી સદસ્ય રાજીવભાઈ ભટ્ટ, ડી.એન.પી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ આચાર્ય મીનાક્ષીબેન ઠાકર,પી.વી.એમ ગર્લ્સ હાઈસ્કુલ આચાર્ય નિશાબેન અગ્રાવ,ડિવાઈન સ્કૂલ આચાર્ય સિદ્ધિબેન બારાઈ,રાધે એકેડેમી સંચાલક રસિકભાઈ,સંકલ્પ એન.જી.ઓ સંચાલક હરિભાઈ ચુડાસમા વગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય પ્રસંગિક ઉદબોધન તેમજ દસ દિવસ દરમિયાનના કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી.દેવભૂમિ દ્વારકા જિલ્લા યોગ કોઓર્ડીનેટર ધનાભા જડિયા,દ્વારકા સમર કેમ્પ સંચાલક સન્નીભાઈ પુરોહિત, સહસંચાલક રેશ્માબેન ગોકાણી, આયુષી દંગી ,દ્વારકા યોગ પરિવારના સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા યોગ. આજના સેશનનું માર્ગદર્શન સન્નીભાઈ પુરોહિત દ્વારા આપવામાં આવ્યુ.કાર્યક્રમ બાદ બાળકોને પૌષ્ટિક આહાર તેમજ એનર્જી ડ્રિંક્સ પણ આપવામાં આવ્યું.અત્રે ઉલ્લેખનીય છે કે યોગ બોર્ડ દ્વારા આગામી ૨૯ મે ૨૦૨૪ સુધી કેમ્પ ચલાવવામાં આવશે. કેમ્પ બાદ ભવિષ્યમાં યોગ બોર્ડ દ્વારા સરકાર માન્ય સર્ટિફિકેટ આપવામાં આવશે.

## ખંભાળિયામાં હિંગળાજ માતાજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૨

ખંભાળિયામાં શ્રી વાંઝા જ્ઞાતિ મંડળ દ્વારા પૂજ્ય હિંગળાજ માતાજીના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીના હવન તેમજ સમૂહ જ્ઞાતિ ભોજન સહિતના આયોજનો કરાયા હતા. આ આયોજનમાં અહીંના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેને જ્ઞાતિજનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા વાંઝા જ્ઞાતિ મંડળના ટ્રસ્ટીઓ તેમજ યુવક મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### આ મહિલા અધિકારી ટીમનું નેતૃત્વ કરશે

# સ્વાતિ માલીવાલ કેસની તપાસ માટે દિલ્હી પોલીસે SITની રચના કરી

### આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સીએમના નિવાસસ્થાને તેમના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે



નવી દિલ્હી, તા.૨૨

સીએમ હાઉસમાં આમ આદમી પાટીના રાજયસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના કેસની તપાસ માટે દિલ્હી પોલીસે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. અત્યાર સુધી આ કેસની તપાસ કરી રહેલા ઉત્તર જિલ્લાના એડિશનલ ડીસીપી અંજિતા ચિપિયાલા SITનું નેતૃત્વ કરશે.SITમાં અંજીથા ઉપરાંત ઈન્સ્પેકટર રેન્કના ત્રણ અધિકારીઓ સામેલ છે. તેમાંથી સિવિલ લાઈન પોલીસ સ્ટેશનના એસએચઓ પણ છે, જ્યાં કેસ નોંધાયેલ છે. SIT ટીમ સમય સમય પર વરિષ્ઠ અધિકારીઓને તપાસ રિપોર્ટ સોંપશે.તમને જણાવી દઈએ કે SIT આ કેસમાં દરેક લિંકને જોડવાનો પ્રયાસ કરશે. સૌથી પહેલા પોલીસ વિભવનો મોબાઈલ ડેટા મેળવવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસને આશા છે કે આનાથી તેમને લીડ મળી શકે છે.તે જ સમયે, પોલીસે રવિવારે સાંજે સીસીટીવી ડીવીઆર કબજે કર્યું હતું. તેના દ્વારા તે સીસીટીવીના ખાલી ભાગને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. અગાઉ પોલીસે માલીવાલ પર હુમલો કરવાના આરોપી વિભવ કુમારની ધરપકડ કરી હતી. બાદમાં પોલીસ વિભવને સીએમ હાઉસ લઈ ગઈ હતી, જ્યાં આ દ્રશ્ય ફરીથી બનાવવામાં આવ્યું હતું. પોલીસ વિભવને ડ્રોઈંગ રૂમમાં પણ લઈ ગઈ જ્યાં માલીવાલ પર હુમલાનો આરોપ છે.

ખરેખર, દિલ્હી પોલીસ વિભવ પાસેથી તમામ સવાલોના જવાબ જાણવા માંગે છે કે 13મીએ સવારે શું થયું? દિલ્હી પોલીસે તમામ પ્રશ્નોના જવાબો ક્રમમાં નોંધ્યા, તેમને મેપ કર્યા અને ફોટો પણ પાડ્યા. તમને જણાવી દઈએ કે વિભવ કુમારના રિમાન્ડનો આજે ત્રીજો દિવસ છે. પોલીસ તેને ગુરુવારે કોર્ટમાં રજૂ કરશે.આમ આદમી પાટીના રાજયસભા સાંસદ સ્વાતિ માલીવાલે તેમના પર સીએમ આવાસ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ આરોપો કેજરીવાલના નજીકના સહયોગી વિભવ કુમાર પર લગાવ્યા છે. પાટીના નેતા સંજય સિંહે બાદમાં કહ્યું હતું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્વાતિ માલીવાલ સાથેની ઘટનાની નોંધ લીધી છે અને તેઓ આ મામલે કડક કાર્યવાહી કરશે.સંજય સિંહે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સોમવારે સીએમ કેજરીવાલને મળવા આવી હતી. તે ડ્રોઈંગ રૂમમાં રાહ જોઈ રહ્યો હતો. ત્યારબાદ વિભવ કુમાર ત્યાં પહોંચી ગયો અને સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તન કર્યું.આ પહેલા સોમવારે દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં આવી હતી અને મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સ્ટાફના સભ્ય પર સીએમ હાઉસમાં હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે આ મામલે FIR નોંધી તપાસ હાથ ધરી છે.સ્વાતિ માલીવાલ પર હુમલો કરવાના આરોપી વિભવ કુમાર દિલ્હી પોલીસની કસ્ટડીમાં છે. 18 મેના રોજ તીસ હજારી કોર્ટે તેને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો હતો. શનિવારે બપોરે તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ પછી સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં પૂછપરછ બાદ સાંજે 4.15 વાગ્યે તેની ધરપકડ કરવામાં આવી હતી. તેણે તીસ હજારી કોર્ટમાં વચગાળાની જામીન અરજી પણ કરી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી.

### BJP હેડક્વાર્ટર જઈને આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ

# આમ આદમી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી

### દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧૯ મેના રોજ પોતાના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરો સાથે બીજેપી હેડક્વાર્ટરની મુલાકાત લેવાની જાહેરાત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે 19 મેના રોજ પોતાના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરો સાથે બીજેપી હેડક્વાર્ટરની મુલાકાત લેવાની જાહેરાત કરી હતી. જ્યારે તેઓ કૂચ કરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમને રસ્તામાં અટકાવ્યા હતા. તેના એક દિવસ બાદ દિલ્હી પોલીસે તેની સામે કેસ નોંધ્યો છે. બીજેપી હેડક્વાર્ટર સુધી વિરોધ માર્ચ કાઢવાના એક દિવસ બાદ દિલ્હી પોલીસે આમ આદમી પાટીના નેતાઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. તેના પર આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડીડીયુ માર્ગ પર કલમ 144 લાગુ કરવામાં આવી હોવા છતાં, આમ આદમી પાટીએ પ્રદર્શન માટે પરવાનગી માંગી ન હતી.એક અધિકારીએ જણાવ્યું કે આઈપીસી કલમ 188 (અધિકારીના આદેશનો અનાદર) હેઠળ આઈપી એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરો સાથે બીજેપી હેડક્વાર્ટર જવાની જાહેરાત કરી હતી અને ભાજપને ધરપકડ માટે પડકાર ફેંક્યો હતો.મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, આમ આદમી પાટીના રાજયસભા સાંસદ સંજય સિંહ, રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, આતિશી અને અન્ય પાટીના નેતાઓ, સાંસદો અને ધારાસભ્યોને ભાજપ મુખ્યાલય તરફ કૂચ કરતી વખતે પોલીસે અટકાવ્યા હતા. દિલ્હી પોલીસે કહ્યું કે આ વિસ્તારમાં કલમ 144 લાગુ કરવામાં આવી હતી અને આદેશનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવ્યો હતો.દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલ 1 જૂન સુધી વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યા છે. તેમણે શનિવારે કહ્યું હતું કે તેઓ અને AAPના અન્ય નેતાઓ 19 મેના રોજ બીજેપી હેડક્વાર્ટર જશે "જેથી વડાપ્રધાન જેને ઈચ્છે તેને જેલમાં મોકલી શકે."FIR પર આમ આદમી પાટીએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે આવનારા દિવસોમાં પાટી વિરુદ્ધ આવા ઘણા કેસ નોંધવામાં આવશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ એક નાનો કેસ છે પરંતુ આવનારા દિવસોમાં અમારી સામે મોટા કેસ નોંધવામાં આવશે. પરંતુ આપણા દેશની જનતા ભારતીય જનતા પાટીને સત્તા પરથી હટાવી દેશે અને લોકસભા ચૂંટણીમાં વન ઈન્ડિયા બ્લોકની સરકાર લાવશે.

## બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આગમન અને પ્રસ્થાન મોંઘું થયુ

નવી દિલ્હી, તા.૨૨

બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આગમન અને પ્રસ્થાન મોંઘું થઈ ગયું છે. એરપોર્ટ ઓપરેટરે સુગમ ટ્રાફિક સુનિશ્ચિત કરવા માટે વાહનો પર એન્ટ્રી ફી લાદી છે. એરપોર્ટ વિસ્તારમાં પ્રવેશ માટે તમામ ખાનગી અને કોમર્શિયલ વાહનો પાસેથી ચાર્જ લેવામાં આવશે. ટેમ્પો પ્રવાસીઓ પાસેથી પણ ચાર્જ વસૂલવામાં આવ્યો છે. બેંગલુરુ એરપોર્ટ પરથી મુસાફરી કરવી મોંઘી થઈ ગઈ છે. બેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે સોમવારથી કોમર્શિયલ અને ખાનગી વાહનો માટે પ્રવેશ ફીની જાહેરાત કરી છે. જો તમે વાહન દ્વારા એરપોર્ટમાં પ્રવેશવા માંગો છો, તો તમારે તેના માટે ચાર્જ ચૂકવવો પડશે.અપડેટ કરાયેલા નિયમો અનુસાર, ઓલા અને ઉબેર જેવા કેબ એગ્રીગેટર્સ દ્વારા સંચાલિત વાહનો સહિત કોમર્શિયલ વાહનોને સાત મિનિટ સુધી ૧૫૦ રૂપિયાની એન્ટ્રી ફી ચૂકવવી પડશે. સાત મિનિટની સમય મર્યાદા પૂરી થયા બાદ ચાર્જ બમણો થઈને ૩૦૦ રૂપિયા થઈ જશે.ખાનગી વાહનો માટે ફીનું માળખું અલગ હશે. નવા શુલ્કથી વારંવાર પ્રવાસીઓ અને કેબ ઓપરેટરોને અસર થવાની ધારણા છે, જે સંભવિતપણે એરપોર્ટ મુસાફરીના એકંદર ખર્ચમાં વધારો કરશે.બસો માટે ૬૦૦ રૂપિયાની એન્ટ્રી ફી લેવામાં આવશે, જ્યારે ટેમ્પો પ્રવાસીઓએ ૩૦૦ રૂપિયા ચૂકવવા પડશે.

## રાજ્યમાં છેલ્લા પાંચ દિવસથી ભૂક્કા કાઢતી ગરમી

# હીટવેવની આગાહી વચ્ચે ૪૫ ડિગ્રી તાપમાન સાથે તીવ્ર ગરમીનું પાટનગર બનતું ગાંધીનગર

### આગામી પાંચ દિવસ હીટવેવ વચ્ચે ગરમીમાં કોઈ રાહત નહીં : અનેક જિલ્લાઓમાં ૪૪થી ૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે ઓરેન્જ-યલો એલર્ટ



અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં આકરો ઉનાળો ચરમસીમાએ છે. અનેક સ્થળોએ પારો ૪૪ ડિગ્રીને પાર ગયો છે. વળી ગુજરાત રાજ્યમાં હાલ ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે તાપમાનમાં વધારો થયો છે. હજુ પણ આગામી પાંચ દિવસ દરમ્યાન ગરમીથી રાહત મળે તેવી સંભાવના નથી. ઉપરાંત આગામી પાંચ દિવસ દરમ્યાન અનેક જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. મોટા ભાગના જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ તો ક્યાંક યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વોર્મ નાઈટની પણ સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. મહત્વનું છે કે, છેલ્લા ૫ દિવસમાં ગરમીએ બરોબરના ભુક્કા કાઢ્યા છે. અમદાવાદનું છેલ્લા પાંચ દિવસનું તાપમાન ૪૪ થી ૪૫ ડિગ્રી રહ્યું હતું. હજુ આગામી પાંચ દિવસ હીટવેવની શક્યતા છે. ગુજરાત રાજ્યના બનાસકાંઠા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, સુરત, વલસાડ, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અમરેલી, પાટણ, મહેસાણા અને સાબરકાંઠામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. આ તમામ શહેરોમાં હીટવેટની અસર રહેશે. રાત્રિ દરમ્યાન વોર્મ નાઈટની પણ શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેમાં અમદાવાદ, વડોદરા અને ભાવનગર જિલ્લામાં રાત્રિ દરમ્યાન પણ અસહ્ય ગરમીનો અહેસાસ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે આગામી પાંચ દિવસ માટે રાજ્યના અનેક જિલ્લાઓમાં હીટવેવની શક્યતા વ્યકત કરવામાં આવી હતી. આ સાથે જ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઓરેન્જ એલર્ટ તથા યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં બનાસકાંઠા, મધ્ય ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર સહિતના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ છે. જેમ જેમ દિવસ પસાર થશે તેમ શરીર દઝાડતી ગરમી પડશે. વાત કરીએ તાપમાનની તો રાજયમાં ગાંધીનગર ૪૫ ડિગ્રી તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ રહ્યું હતું તો જયારે આગામી પાંચ દિવસ અનેક સ્થળોએ હીટવેવની આગાહી વચ્ચે ગરમીમાં કોઈ રાહત મળવાની શકયતા નથી.

## ઉત્તર-પશ્ચિમ ભારતમાં હજુ ૫ દિવસ સુધી આગઝરતી ગરમીનો પ્રકોપ ચાલુ રહેશે

નવી દિલ્હી તા.૨૨

ઉત્તરપશ્ચિમ ભારતના મોટા ભાગોમાં ભારે ગરમી વધુ પાંચ દિવસ સુધી ચાલુ રહેશે, જેમાં દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં મહત્તમ અસર થવાની આગાહી કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ આગામી પાંચ દિવસ દરમ્યાન ઉત્તરપશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં તીવ્ર ગરમીનું મોજું અને આગામી ત્રણ દિવસ દરમ્યાન પૂર્વ અને મધ્યપ્રદેશોમાં ગરમીની લહેર થવાની આગાહી કરી છે. હવામાન કચેરીએ દિલ્હી, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ રાજસ્થાન માટે 'રેડ' એલર્ટ પણ જારી કરી છે, જેમાં 'સંવેદનશીલ લોકો માટે અત્યંત કાળજી'ની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. તેણે પૂર્વ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહાર માટે ઓરેંજ એલર્ટ જારી કરી હતી અને શિશુઓ, વૃદ્ધો અને ક્રોનિક રોગોવાળા લોકો સહિત સંવેદનશીલ લોકો માટે 'ઉચ્ચ આરોગ્ય તકેદારી' પર ભાર મૂક્યો હતો. ભારતમાં સામાન્ય ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે લાંબા સમય સુધી સૂર્યના સંપર્કમાં રહેનાર અથવા ભારે કામમાં વ્યસ્ત લોકોમાં ગરમી સંબંધિત બિમારીઓની સંભાવના વધી જાય છે. 'ક્લાઈમેટ સેન્ટ્રલ' તરીકે ઓળખાતા આબોહવા વૈજ્ઞાનિકોના અમેરિકા સ્થિત જૂથે જણાવ્યું હતું કે ભારતમાં ૫૪૩ મિલિયન લોકો ૧૮-૨૧ મે દરમ્યાન ઓછામાં ઓછા એક દિવસ ભારે ગરમીનો અનુભવ કરશે. ક્લાઈમેટ સેન્ટ્રલ ખાતે વિજ્ઞાનના વીપી એન્ડુ પરશિંગે જણાવ્યું હતું.''માનવ-સર્જિત આબોહવા પરિવર્તનને કારણે આ તીવ્ર ગરમીની શક્યતા ઘણી વધારે છે. રાતોરાતનું ઊંચું તાપમાન આ ઘટનાને ખાસ કરીને ચિંતાજનક બનાવે છે.'' હીટવેવ્સ જીવલેણ હોઈ શકે છે, જેમાં વૃદ્ધો અને બાળકો ખાસ કરીને ગરમીના થાક અને હીટસ્ટ્રોકનું જોખમ ધરાવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ૧૯૯૮થી ૨૦૧૭ની વચ્ચે હીટવેવના પરિણામે ૧,૬૬,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. અતિશય તાપમાન અર્થતંત્રને પણ અસર કરી શકે છે.

# પતંજલિની સોનપાપડી ગુણવત્તા પરીક્ષણમાં ફેલ

### કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અભિષેકકુમારને ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે




ઉત્તરાખંડ, તા.૨૨

કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અભિષેકકુમારને ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમણે કહ્યું કે, ત્રણેયને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. ઉત્તરાખંડની એક અદાલતે પતંજલિ એલચીની સોનપાપડી બનાવવામાં ખાદ્ય સુરક્ષાના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ ત્રણ લોકોને છ મહિનાની જેલની સજા ફટકારી છે. આસિસ્ટન્ટ પ્રોસિક્યુશન ઓફિસર રિતેશ વર્માએ જણાવ્યું કે પિથોરાગઢના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સંજયસિંહે જેલની સજા ઉપરાંત તેના ઉપર ૫૦૦૦થી ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ લગાવ્યો હતો. ન્યૂઝ એજન્સી અનુસાર વર્માએ કહ્યું કે, કોર્ટે પિથોરાગઢના બેરીનાગ શહેરના દુકાનદાર લીલાધર પાઠકને ઉત્પાદન વેચવા બદલ છ મહિનાની જેલની સજા અને ૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે પતંજલિના અધિકૃત પ્રતિનિધિ, નૈનીતાલના રામનગર, કાન્હાજી ડિસ્ટ્રીબ્યુટર્સ પ્રાઈવેટ લિમિટેડના આસિસ્ટન્ટ મેનેજર અજય જોશીને છ મહિનાની જેલની સજા અને રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે. કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અભિષેકકુમારને ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમણે કહ્યું કે, ત્રણેયને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. વર્માએ જણાવ્યું હતું કે, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ પાઠકની દુકાનમાંથી પતંજલિ એલચી નવરત્ન સોનપાપડીના નમૂનાઓ એકત્ર કર્યા પછી તેઓને ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદની રાષ્ટ્રીય પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. ૨૦૨૧માં આ સંદર્ભમાં કેસ નોંધવામાં આવ્યો હતો જ્યારે રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે, નમૂનાઓ ખાદ્ય સુરક્ષા ધોરણોને અનુરૂપ નથી.

## કેનેડાથી સેંકડો ભારતીય સ્ટુડન્ટને ડિપોર્ટ કરાતા વિરોધ પ્રદર્શન શરૂ

ઓટાવા, તા.૨૨

કેનેડામાં અત્યારે સેંકડો ભારતીય સ્ટુડન્ટ્સને ડિપોર્ટેશનનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં રાતોરાત પ્રોવિન્શિયલ ઈમિગ્રેશન નિયમમાં ફેરફાર થઈ જતા આ પ્રમાણે લોકોની સ્થિતિ થઈ ગઈ છે. આ તમામ ભારતીય વિદ્યાર્થીઓ ભૂખહડતાળ ઉપર પણ ઉતરી આવ્યા છે અને માંગ કરી રહ્યા છે કે જે પણ નિયમોમાં ફેરફાર થયા છે તેના ઉપર ફરી એકવાર નજર કરવી જોઈએ. આવા નિર્ણયોથી અમારા ભવિષ્ય પણ સંકટમાં મુકાઈ શકે છે. પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ કે જે કેનેડિયન પ્રોવિન્સ છે તેને પોતાના નિયમમાં ફેરફાર કર્યા છે. ઈમિગ્રેશન રૂલ્સમાં હવે એવો નિયમ લવાયો છે કે પ્રોવિન્સમાંથી જેમ બને એમ વધારે ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવા પડશે કારણ કે આ પ્રોવિન્સમાં હેલ્થ કેર સેક્ટર અને હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર આની માઠી અસર પડી રહી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અત્યારે થોડા સમય પહેલા જે વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થવાના હતા તે હવે ડિપોર્ટેશનનો સામનો કરી રહ્યા છે. આના માટે બધા વિરોધ કરી રહ્યા છે. તેઓ કેનેડિયન ગવર્નમેન્ટના આ અચાનક લીધેલા નિર્ણયની ટિકા પણ કરી રહ્યા છે. આ તમામ સ્ટુડન્ટ્સને વર્ક પરમિટ પણ નથી મળી રહી એવી વાતો પણ વહેતી થઈ ગઈ છે. તે લોકો એક જ મુદ્દો ઉઠાવી રહ્યા છે કે અમે ભણવા આવ્યા હતા તેવામાં આવું કેમ થઈ ગયું. આ પ્રોટેસ્ટના લીડર રૂપિન્દર પાલ સિંહેર કહ્યું કે, આ કાર્યવાહી અંગે અમારી ૩ ડિમાન્ડ છે. તેણે કહ્યું કે હુ ૨૦૨૩માં ભારતથી કેનેડા આવ્યો હતો. તેવામાં અચાનક આ નિયમમાં ફેરફાર થઈ જતા મામલો બિચક્યો છે. હવે લોકોને ડિપોર્ટ થવાનો વારો આવી રહ્યો છે. પહેલા તો તમે એ વાત જુઓ કે નવો રૂલ આવ્યો એની પહેલાથી જ અમે લોકો અહીં આવી ગયા છે. તો અમને ખબર જ નહોતી કે આ પ્રમાણેની કોઈ ઘટના બનશે. તો અત્યારે જે લોકો જૂના રૂલ હતા તે સમયે આવ્યા હોય તેમને ડિપોર્ટ ન કરવા જોઈએ. અમારી બીજી માંગ એ છે કે આ નવી PNP સિસ્ટમ પ્રામાણિક હોવી જોઈએ. અત્યારે જોવા જઈએ તો સેલ્સ, સર્વિસ, ફૂડ સેક્ટર અને ટ્રકર્સને પણ આ PNP ડ્રોમાંથી બહાર કરી દેવાયા છે. અત્યારે અમે જે પ્રમાણે હાર્ડ વર્ક અને કોન્ટ્રિબ્યુશન કરીએ છીએ તેમ છતા આવું પગલું ભરાયું છે. અમે પણ અત્યારે બીજા સેક્ટર જેમ જ તક મળે એવું ઈચ્છીએ છીએ. અત્યારની પોઈન્ટ સિસ્ટમ ઉપર પણ આ ભારતીય વિદ્યાર્થીઓ વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. જેમાં ૬૫ પોઈન્ટસની વાત કરાઈ છે. તે લોકો કહી રહ્યા છે કે કેટલાક ફિલ્ડના લોકો માટે તો આ ટાસ્ક સાવ અશક્ય જ લાગી રહ્યો છે. આ પ્રોટેસ્ટરે વધુમાં કહ્યું કે છેવટે અમારી વર્ક પરમિટ વધારી દો જેથી કરીને અમે નોકરી કરી શકીએ. અત્યારે આ નવા નિયમોને લીધે અમારો સમય અને અમારી જેટલી પણ કારકિર્દીને લગતી તકો છે તે પણ અમે ગુમાવી બેઠા છીએ. આ વિરોધ પ્રદર્શન ૯ મેથી શરૂ થયું છે અને ૨૫ લોકોથી સ્ટાર્ટ થયેલું આ ૩૦૦ લોકોનું થઈ ગયું છે. આ નિર્ણય ફેબ્રૂઆરી મહિનામાં આવ્યો હતો. જેમાં ૨૦૨૪ સુધીમાં એન્ટ્રી અને લોકોની અરજી સ્વીકારવાની જે ટકાવારી છે તેમાં મોટાપાયે ફેરફાર કરી દેવાશે. રૂપિન્દર સિંહે કહ્યું કે અહીં કેનેડામાં બધા સેટલર થવા આવ્યા હતા અને જ્યારે અરજી કરી હતી ત્યારે આવા કોઈ પરિસ્થિતિનો સામનો તેમને કરવો પડશે એની ચર્ચા જ નહોતી થઈ. જેથી કરીને જોઈએ તો હું ૨૦૨૩માં આવ્યો અને આ નિયમ આવશે એવી જાણ સરકારે કરી જ નહીં તો પછી આ એક પ્રકારનું કપટ કર્યું હોય કેનેડાએ એમ લાગી રહ્યું છે. PEI સરકારે કહ્યું છે કે આ તમામ ઘટનાક્રમ ટેમ્પરરી છે. પરંતુ કેટલા સમયગાળા સુધી રહેશે એવું જણાવ્યું નથી.

# ગાંધીનગર ખાતે આવેલી આ અગ્રણી અને પ્રતિષ્ઠીત શૈક્ષણિક સંસ્થાઓની એક વાર મુલાકાત લેવા જેવી ખરી




કેમ છો મિત્રો. સૌ મજામાં જ હશો. ધોરણ-૧૦ અને ધોરણ૧૨ બન્નેના પરિણામો આવી ગયા છે અને હાલમાં બધા પ્રવેશ પ્રક્રિયામાં વ્યસ્ત હશો. તમને ખબર જ હશે અગાઉ અમદાવાદ અને ગાંધીનગરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ વિશે વાત કરી હતી. તે વખતે અમદાવાદની સંસ્થાઓની વાત કરી હતી. પરંતુ ગાંધીનગર અને ગુજરાતમાં અન્ય સ્થળોએ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ આવેલી છે તેની મુલાકાત લઈને અથવા તો તેની વેબસાઈટમાં ચેક કરીને એક એકથી ચડિયાતા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે તેની આપ માહિતી મેળવી શકો છો. તો ચાલો આજે ગાંધીનગર ખાતે આવેલી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી મેળવીએ.

**● નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી**

આ યુનિવર્સિટી પહેલા ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તરીકે સ્થપાઈ હતી એટલે પહેલા તેને જીએફએસયુ કહેવામાં આવતું હતું. પરંતુ હવે તેનું નામ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે એટલે એનએફએસયુ તરીકે ઓળખાય છે. તે દેશની ચુનંદા ઈન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સમાં સમાવિષ્ટ છે. આની શરૂઆત સાયબર સિક્યુરિટી અને ફોરેન્સિક સાયન્સને લગતા કોર્ષથી થઈ હતી. પરંતુ હવે તેનો પોર્ટફોલિયો વિશાળ થઈ ગયો છે અને અવનવા અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. ગુજરાત ઉપરાંત દેશભર અને વિશ્વભરમાંથી વિદ્યાર્થીઓ અત્રે પ્રવેશ મેળવવા આવે છે અને અભ્યાસ બાદ સારા પ્લેસમેન્ટ લઈને જાય છે. અહિં લો, મેનેજમેન્ટ સહિતના અવનવા વિષય ઉપર ભણાવવામાં આવે છે.

**● રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી**

આ યુનિવર્સિટી પહેલા શાહીબાગ ડફનાળા ખાતે આવેલા નાનકડા કેમ્પસ ખાતે શરૂ થઈ હતી. શરૂઆતમાં તે પોલીસ યુનિવર્સિટી તરીકે ઓળખાતી હતી. ત્યાં પોલીસને અને કાયદાને લગતા અભ્યાસથી શરૂઆત થઈ હતી અને ઘણા વિદ્યાર્થીઓ સિક્યુરિટી ફોર્સમાં પ્લેસમેન્ટ પામ્યા હતા. વળી અહિના વિદ્યાર્થીઓને પોલીસની ભરતીમાં અમુક ટકાવારી ગ્રેસ માર્ક તરીકે આપવામાં આવતી હતા. હાલમાં આ યુનિવર્સિટી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે ઓળખાય છે અને ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામે તેનું વિશાળ કેમ્પસ છે. અહિં ક્યાંય ના ભણાવવામાં આવતા હોય તેવા યુનિક અભ્યાસક્રમો, ડિપ્લોમા અને પ્રમાણપત્ર કોર્ષીસ ચાલે છે. તો આપ તેની વેબસાઈટમાં ચેક કરીને આગળ વધી શકો છો. આ યુનિવર્સિટીના પણ દેશના બીજા ભાગોમાં કેમ્પસ છે. અહીં હાલમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. તો વેબસાઈટ જોઈ તાત્કાલિક નિર્ણય લેવો. અહિં હોસ્ટેલ તેમજ કેમ્પસ ફેસીલીટી છે.

**● ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી**

અમદાવાદથી ગાંધીનગર જાવ ત્યારે ગાંધીનગરની હદ શરૂ થાય અને તરત જ કોબા ગામ આવે છે અને ત્યાં નોલેજ કોરીડોર તરીકે ઓળખાતા રસ્તા ઉપર આ સંસ્થા આવેલી છે. દેશમાં જેમ મેનેજમેન્ટના અભ્યાસ માટે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈજનેરી માટે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને હોટલ મેનેજમેન્ટ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ છે તેવી જ રીતે કાયદાના અભ્યાસ માટે દેશમાં અલગ-અલગ શહેરોમાં નેશનલ લો યુનિવર્સિટીઓની રચના કરવામાં આવી છે અને અહિં કાયદા ક્ષેત્રના માંધાતા વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવે છે. જીએનએલયુ તેમાંની એક છે. અગાઉ એક નાના કેમ્પસમાં શરૂ કરવામાં આવેલી જીએનએલયુ અત્યારે કોબા ખાતેના એક વિશાળ કેમ્પસમાં ચાલી રહી છે. અત્યારસુધી કાયદાનો અભ્યાસ ત્રણ વર્ષ હતો અને હજુ પણ છે પરંતુ બે દાયકા પહેલા એક નિષ્ણાતોને એક વિચાર આવ્યો અને વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને સીધી જ પ્રેક્ટીસ કરી શકે અથવા તો લીગલ મેનેજર બની શકે તેવું તલસ્પર્શી કાયદાનું જ્ઞાન આપવું જોઈએ. તેના આધારે જ પાંચ વર્ષના કાયદાના અભ્યાસક્રમો માટે આ યુનિવર્સિટીઓ શરૂ થઈ છે. જેમા ધોરણ-૧૨ બાદ પાંચ વર્ષના કાયદાનો અભ્યાસક્રમ હોય છે અને તેની એકે એક બાબતોથી વિદ્યાર્થીઓને વાકેફ કરાવવામાં આવે છે. તો જીએનએલયુમાં પ્રવેશ માટે Common Law Admission Test (CLAT)ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે અને તેના આધારે પ્રવેશ મળે છે. કેન્દ્રીય ધોરણે પ્રવેશ પરીક્ષા યોજાય છે અને મેરીટના આધારે તમને અલગ-અલગ શહેરની નેશનલ લો યુનિવર્સિટીમાં પ્રવેશ મળે છે. તેની ફી પણ ખાસ્સી મોંઘી હોય છે પરંતુ તમને લોન અને સ્કોલરશીપ મળે તેના વિકલ્પો હોય છે. અહિં કેમ્પસમાં તમને એક એકથી ચડિયાતી સુવિધા મળે છે જેમાં લાયબ્રેરી, સ્પોર્ટસ એક્ટીવીટી, મ્યુઝીકનો સમાવેશ થાય છે. અભ્યાસ માટે દુનિયાભરના જાણિતા પુસ્તકો મળી રહે છે. આથી એકવાર અહિં એડમિશન મળી જાય એટલે બેડો પાર થઈ ગયો સમજો.

**● પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (પીડીઇયુ)**

ગાંધીનગરમાં જ જીએનએલયુની સામેના ભાગે આ એક વિશાળ કેમ્પસમાં આવેલી અનોખી યુનિવર્સિટી છે કે જે સૌ પહેલા ઓઈલ, ગેસ અને પેટ્રોલિયમ ક્ષેત્રમાં નિષ્ણાતો તૈયાર કરવા માટેના અભ્યાસક્રમો ઉપલબ્ધ હતા પરંતુ ધીરે ધીરે અહિં કોમર્સ, આર્ટસ અને મેનેજમેન્ટ સહિતની ઈન્સ્ટીટ્યુટ્સ શરૂ કરવામાં આવી છે અને ગુજરાતની ટોચની ખાનગી યુનિવર્સિટીમાં ગણના પામે છે. અહિં બી.કોમ, બી.એ, બીબીએ અને બીએસસીના ચાર વર્ષના કોર્ષ ચાલે છે અને તેમા પાસ થનાર વિદ્યાર્થીઓને એક સારી સંસ્થામાં એમબીએ થયેલા વિદ્યાર્થી કરતા પણ વધુ પગારની જોબ ઓફર થતી હોય છે. આ ઉપરાત પેટ્રોલિયમ અને અન્ય ઈજનેરી શાખામાં બી.ટેક અને એમ.ટેકના અભ્યાસક્રમો છે. એમબીએ અને પેટ્રોલિયમ ટેકનોલોજીના અભ્યાસક્રમો તો અહિં ઉપલબ્ધ છે જ. અહિંના કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે પ્રમાણે ખ્યાલ રાખવામાં આવે છે. દેશ વિદેશના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સુવિધા ધરાવતી હોસ્ટેલ પણ ઉપલબ્ધ છે. અહિં ભણવાનો એક લહાવો છે અને પીડીપીયુની સ્વતંત્ર પ્રવેશ પરીક્ષા હોય છે તેના દ્વારા એડમિશન મળે છે. જ્યારે ટેકનિકલ અભ્યાસક્રમોનો પ્રવેશ એસીપીસી એટલે કે ગુજરાતની એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીષ દ્વારા થાય છે.

**● DA-IICT (ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી)**

કોમ્પ્યુટર ક્ષેત્રમાં હાર્ડવેર અને સોફ્ટવેર ક્ષેત્રે ઉત્તમ નિષ્ણાતો તૈયાર કરવાની નેમ સાથે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી અને આ એક ખાનગી સંસ્થા છે. પરંતુ તેમાં પ્રવેશ મેળવવો એટલે જીવનમાં સફળતાનું એક પગલું પસાર કરવું. અહિં ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાનો કોર્ષ થાય છે અને મોટા ભાગે સાયન્સ બેકગ્રાઉન્ડવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. જે વિદ્યાર્થીઓએ બીસીએ કર્યું હોય તેઓ અહિં માસ્ટર ઓફ સાયન્સ (ઈન્ફોર્મેશન ટેકનોલોજી)નો અભ્યાસ અહી કરી શકે છે. આ ઉપરાંત બી. ટેક ઈન કોમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો કોર્ષ થાય છે. આ ઉપરાંત માસ્ટર ઓફ ટેકનોલોજી, માસ્ટર ઓફ કોમ્યુનિકેશન ડિઝાઈન, પીએચડીના આલા દરજજાના અભ્યાસક્રમો અહિં ઉપલબ્ધ છે. તેઓની પોતાનીજ પ્રવેશ પરીક્ષા હોય છે અને ખાસ્સી અઘરી હોય છે. અહિં પાસ થનાર વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્પ્યુટર સાયન્સ ક્ષેત્રે જોબ મેળવી શકે છે અને મોટાભાગના વિદ્યાર્થીઓનું કેમ્પસમાંથી ખૂબ ઊચા પગારે પ્લેસમેન્ટ થઈ જાય છે. આથી અહીં અભ્યાસ કરવો એટલે સફળતાની ખાતરી છે.

**● નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (એનઆઇએફટી)**

ફેશનની દુનિયામાં ડંકો વગાડનાર દેશના ખ્યાતનામ ફેશન ડિઝાઈનરો દેશના અલગ અલગ શહેરોમાં આવેલી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજીના વિદ્યાર્થીઓ હોય છે. અહિં અભ્યાસ કરીને તેઓ પોતે ફેશન ડિઝાઈનર તરીકે કામ કરે છે અથવા તો મોટી કંપનીઓમાં ઉત્તમ પગાર ઉપર ઉચ્ચ હોદ્દા ઉપર કામગીરી કરતા હોય છે. અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર આ સંસ્થા આવેલી છે અને અહિ પ્રવેશ મળે તો બેડો પાર થઈ જાય છે.

**● ઇન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ**

અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ગાંધીનગર હાઈવે ખાતે આવેલી દેશની જાણિતી સંસ્થા છે. તમે જે ટેલિવિઝનમાં સેલિબ્રિટી શેફને જુઓ છો કે જુદી જુદી હોટલના ઉચ્ચ હોદ્દા ઉપર આવેલા અધિકારીઓના ઈન્ટરવ્યુ જોતા હશો તેઓ રાજ્યની જુદા શહેરોમાં આવેલા ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ખાતે અભ્યાસ કરેલો હોય છે. અહિંનો અભ્યાસક્રમ ખુબ જ મહત્વનો છો. અહિં કેન્દ્રીય ધોરણે પ્રવેશ મળે છે. વળી અહિં ફૂડ ઉદ્યોગને લગતા ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ ચાલી રહ્યા છે તો ત્યાં તપાસ કરીને પ્રવેશ મેળવી શકાય છે. મિત્રો આ ઉપરાંત ગાંધિનગર ખાતે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ, સેન્ટ્રલ યુનિવર્સિટી, આઈઆઈટી-ગાંધીનગર, ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ વડોદરા ખાતે આવેલી ગતિશક્તિ યુનિવર્સિટી વગેરેની વેબસાઈટ ચેક કરી લેવી. તમને તમારા રસના વિષયના અભ્યાસક્રમો મળી જશે. તો બધે જ તપાસ કરીને યોગ્ય નિર્ણય લો. ઓલ ધ બેસ્ટ

# સ્વસ્તાલ-વાદ્ય કચેરી અને શાસ્ત્રીય નૃત્યની શ્રેષ્ઠ કૃતિઓની પ્રદર્શનથી શ્રોતાઓ અભિભૂત



જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ સ્થિત લોઢીયાવાડી ખાતે ગત તા.૧૯-૫-૨૪ ના રોજ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને જૂનાગઢની નૃત્ય-ભારતી કલા સંસ્થાના ઉપક્રમે આયોજીત 'અનુભૂતિ' શાસ્ત્રીય નૃત્ય અને સ્વસ્તાલ-વાદ્ય કચેરી સમારોહમાં શાસ્ત્રીય નૃત્ય ભરત નાટયમ્ અને કથ્થક નૃત્યની પુસ્તિકાઓ નૃત્ય ગુરૂ હરીઓમ પંચોલીની શિષ્યા ધ્રુવી સોલંકી અને ધીમહી જોશી તથા સુરભી કલાવૃંદના ક્રિષ્ના રાણીંગાના શિષ્યા આદિતી કોટક અને હેત્વી લાલાણી દ્વારા ભારત નાટયમની વિવિધ કૃતિઓની સુંદર પ્રસ્તુતિ બાદ પ્રસિધ્ધ બાંસુરી વાદક વિપુલ વોરા, યશ પંડયા-તબલા, હરીઓમ પંચોલી-પરકયુસન, ભાવેશ ચુડાસમા-કી બોર્ડ તેમજ સાથી કલાકારો દ્વારા સ્વર-તાલ, વાદ્ય કચેરીમાં રાગ-હંસ ધ્વની, રાગ-સરસ્વતી તેમજ કલાસીકલ સાથે વેસ્ટર્ન સંગીતનાં ફયુઝનની પ્રસ્તુતિમાં રાજકોટની સ્પંદન એકેડેમીના ડો.નિખિલ ભટ્ટના શિષ્યા દિવ્યા ભટ્ટ, કર્તવી ભટ્ટ, હર્ષવી નાગ્રેચા, શિલ્પા કોટક, હેત્વી ભટ્ટ અને કર્તવી છાનીયારા દ્વારા સુંદર મંચ પ્રદર્શનથી શ્રોતાઓ આનંદિત થયા હતા. કાર્યક્રમમાં અતિથી તરીકે જાણીતા સંગીતકાર વિપુલ ત્રિવેદી તેમજ જયદેવ જોશી, આનંદ ભટ્ટ, જયકિશન દેવાણી, અમિત ચરાડવા, હિરલ ભાલાળા, ડે.કલેકટર અને પ્રાંત અધિકારી મેંદરડા, મયુરીબેન હીરપરા (આસી. કમિશ્નર ઓફ સ્ટેટ ટેકસ જીએસટી) તેમજ વિશાળ સંખ્યામાં કલા પ્રેમીઓ જૂનાગઢ અને વિવિધ શહેરોમાંથી ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુકેશ જેઠવા દ્વારા સુંદર રીતે થયું હતું.

# બ્રહ્મ એજયુકેશન એન્ડ સોશ્યલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ જામનગરના માધ્યમથી માર્ગદર્શન સેમીનાર યોજાયો



જામનગર તા. ૨૨

બ્રહ્મ એજયુકેશન એન્ડ સોશિયલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ જામનગરના માધ્યમથી તા. ૧૯/૫/૨૪ ના દિવસે તક્ષશિલા એકેડેમી દ્વારા બ્રહ્મસમાજનાં સંતાનો માટે પી.એસ.આઇ અને કોન્સ્ટેબલની પરીક્ષા સંદર્ભે માર્ગદર્શન શિબિર તેમજ તેની તૈયારીઓ માટેના વર્ગો ચાલુ કરવા અંગેનો પ્રથમ સેમિનાર હરિયા સ્કૂલ ખાતે યોજાયેલ હતો.

બ્રહ્મ એજયુકેશન એન્ડ સોશ્યલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટના સચિવ ગુણવંતભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ મુખ્ય વકતા તરીકે મોટિવેશન સ્પીકર દીક્ષિતભાઈ તેરૈયા અને માનશીબેનનાં કાર્યક્રમનાં સંલગ્ન વકતવ્ય તેમજ ડી.કે ભટ્ટ દ્વારા સંચાલિત કાર્યક્રમમાં બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓ, પેટાજ્ઞાતિ તેમજ બ્રહ્મ સંગઠનોનાં પ્રમુખ, હોદેદારો અને પરીક્ષાની તૈયારી કરતાં ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત રાષ્ટ્રીય પરશુરામ સેનાનાં સૌરાષ્ટ્ર મહિલા અધ્યક્ષ દર્શાબેન જોશી, કીર્તિભાઈ કલ્યાણી, દિપાલીબેન પંડયા, કિરીટભાઈ ભટ્ટ, ભરતભાઈ જોશીએ ઉપસ્થિત રહી સૌને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્રહ્મ અગ્રણી અજયભાઈ જાનીનાં નેતૃત્વમાં જીતેન્દ્ર ભટ્ટ, ડો.જાનકી બેન પૂજાણી, સાગરભાઈ ખેતિયા, બિપીન અબોટી, જસ્મીન વ્યાસ, રાજ જોષી, નીરજ લુણાવીયા, વીરૂ જોશી, નિશાંત જોશી, પ્રજ્ઞેશ ભાઈ ભટ્ટ, કમલેશભાઈ પંડ્યા, ગૌરવ વ્યાસ, જયેશભાઈ ગોપિયાની અને સૌ સાથી મિત્રો દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

### ચિત્રાસણીમાં લાખો રૂપિયાની છેતરપિંડી

# BOBના કર્મચારીએ ગ્રાહકોના કરોડો રૂપિયા ચાઉં કર્યાની ઘટના સામે આવી

### હવે મામલામાં પોલીસ ફરિયાદ નોંધાતા હવે છેતરપિંડી આચરવામાં કોણ કોણ સામેલ છે એ સ્પષ્ટ થવાની આશા છે

પાલનપુર, તા.૨૨

સ્થાનિક રોકાણકારો અને છેતરપિંડીનો ભોગ બનેલાઓએ બેક્ર ઓફ બરોડાની ચિત્રાસણી શાખામાં પહોંચીને હોબાળો મચાવ્યો હતો. બેંકના કર્મચારીઓ અને અધિકારીઓની સંડોવણી હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા હતા. જોકે હવે મામલામાં પોલીસ ફરિયાદ નોંધાતા હવે છેતરપિંડી આચરવામાં કોણ કોણ સામેલ છે એ સ્પષ્ટ થવાની આશા છે. બનાસકાંઠાના પાલનપુરના ચિત્રાસણી ગામે BOB બેક્રમાં કર્મચારીએ ગ્રાહકોના કરોડો રૂપિયા ચાઉં કર્યાની ઘટના સામે આવી છે. ઘટનામાં હવે પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. ઘટનામાં સ્થાનિક પોલીસ દ્વારા ૯૧ લાખની છેતરપિંડીની પ્રાથમિક વિગતો સાથે ગુનો નોંધવામાં આવ્યો છે. જે મુજબ તપાસ શરુ કરવામાં આવી છે. ગત સપ્તાહે સ્થાનિક રોકાણકારો અને છેતરપિંડીનો ભોગ બનેલાઓએ બેક્ર ઓફ બરોડાની ચિત્રાસણી શાખામાં પહોંચીને હોબાળો મચાવ્યો હતો. બેંકના કર્મચારીઓ અને અધિકારીઓની સંડોવણી હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા હતા. જોકે હવે મામલામાં પોલીસ ફરિયાદ નોંધાતા હવે છેતરપિંડી આચરવામાં કોણ કોણ સામેલ છે એ સ્પષ્ટ થવાની આશા છે. ચિત્રાસણી બેંક ઓફ બરોડામાં ૨૪ ગ્રાહકો સાથે રૂ.૯૧ લાખથી વધુની છેતરપિંડી બહાર આવી છે. જે આંકડો અંદાજે ૨ થી ૩ કરોડ સુધી પહોંચી શકે છે. જે મામલે હવે ઈન્ડિયા ફર્સ્ટ લાઇફ ઈન્શ્યોરન્સ કંપનીના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર સહિત આશુ શાહ સામે ફરિયાદ નોંધાઈ છેબનાવની વિગતવાર વાત કરીએ તો, ચિત્રાસણી ગામે આવેલ BOB બેંકની શાખમાં અનેક ખેડૂતોએ ફિક્સ ડિપોઝિટ મૂકી હતી. જેમાં લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના મેનેજરે વીમા કંપનીએ બેંક સાથે ટાઈઅપ કરેલું હોવાની કહ્યું હતું. તેમજ ૨૦૨૪-૨૫નું એડવાન્સ પ્રીમિયમમાં ૧૦-૨૦ ટકા ઓછું આવશે તેમ કહી ખેડૂતોના ફિક્સ ડિપોઝિટના પૈસા તેમાં નાખવા લાલચ આપી હતી. જે બાદ સહી કરાવી લીધી હતી અને બનાવટી પાવતીઓ આપી ઠગાઇ આચરી હતી. આ કૌભાંડની જાણ થતાં જ ગ્રાહકોએ બેંક ખાતે આવી હોબાળો મચાવ્યો હતો. ગ્રાહકોનો આક્ષેપ છે કે, પૈસા ચાઉં કરવામાં ઈન્સ્યોરન્સ કંપનીનો બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર આશુ શાહ અને બેક્રના અધિકારીની સંડોવણી છે. બેંકના મેનેજર અને સ્ટાફે ગ્રાહકોને બેંક ઓફ બરોડામાં પડેલી ફિક્સ ડિપોઝિટમાં ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ વધુ વ્યાજ આપશે તેવી લાલચ આપી હતી.

# એન્ટી ટેરીરિઝમ દિવસે આતંકવાદ અને હિંસાનો મજબૂત રીતે વિરોધ કરવાના શપથ

### જીલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવસિયા સહિતના અધિકારી-કર્મચારીઓએ આતંકવાદ અને હિંસાનો મજબૂત રીતે વિરોધ કરવાના લીધા શપથ





જૂનાગઢ, તા.૨૨

૨૧મે ને એન્ટી ટેરીરિઝમ ડે એટલે કે, આતંકવાદ વિરોધી દિવસ જાહેર કરવામાં આવેલ છે, ત્યારે આજે જૂનાગઢ કલેકટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા જઅનિલકુમાર રાણાવસિયા સહિત અન્ય અધિકારી-કર્મચારીઓએ તમામ પ્રકારના આતંકવાદ અને હિંસાનો મજબૂત રીતે વિરોધ કરવાના શપથ લીધા હતા. ઉપરાંત તમામ વર્ગો વચ્ચે શાંતિ, સામાજિક સદભાવ તથા સુજબુજ કાયમ રાખવા અને માનવ જીવન મૂલ્યોને હાનિ પહોંચાડનારી વિભાજનકારી શક્તિઓ સામે લડવાના શપથ લીધા હતા.

# ઉનાના નાથળ બાયપાસ ઉપરથી રીક્ષામાંથી ૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે એક ઝડપાયો

ઉના તા. ૨૨

ઊના તાલુકાના નાથળ વેરાવળ હાઈવે રોડ ઉપર નાથળ બાયપાસ પાસે ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ સુભાષભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ આર.બી. ગઢીયા, પ્રવીણભાઈ મોરી, રાજુભાઈ પરમાર પેટ્રોલિંગમાં હતા ત્યારે એક અતુલ રિક્ષા નંબર GJ 11-TT-2468 રોકવી તપાસ કરતા રિક્ષામાં સીટ નીચે ચોરખાના બનાવી તેમાં છૂપાવેલ ઈંગ્લિશ દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ નંગ ૭૨, કિંમત રૂા. ૭૦૦૦/અને રિક્ષા મળી કુલ ૫૭૦૦૦/ના મુદામાલ સાથે રિક્ષા ચાલક નિસારખાન બહાદુરખાન પઠાણને પકડી ઊના પોલીસ સ્ટેશને લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# દ્વારકા મંદિર વિસ્તારમાં વેપારીઓ દ્વારા રોડ ઉપર કરવામાં આવેલ દબાણ કયારે દૂર થશે?

### ફેરિયાઓ અને પથારાવાળાઓને દૂર કરવા ન્યુ વેપારી એસો. દ્વારા આવેદન





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારાકા તા. ૨૨

દ્વારકાધીશ જગતમંદિર વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી વેપારીઓ દ્વારા પોતાની દુકાનથી ૩-૪ ફુટ જેટલું દબાણ કરી દુકાનની આગળ ખપેડાઓ તેમજ બાકડાઓ ગોઠવી દેવામાં આવ્યા છે. ત્યારે ફેરિયાઓ અને પથારાવાળાઓને લીધે ટ્રાફિક સમસ્યા થતી હોય જેને દૂર કરવા દ્વારકા ન્યુ વેપારી એસો. દ્વારા તંત્રને આવેદન પાઠવવામાં આવ્યું છે.

દ્વારકાધીશ જગતમંદિર આસપાસના આશરે ૫૦૦ મીટરની ત્રિજયામાં ફેરિયાઓ તેમજ પથારાવાળાઓ ગેરકાયદે રીતે ધંધો કરતાં હોય, જેના લીધે યાત્રિકો, સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય, તેમજ આ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા પણ શિરદર્દ સમાન બની ગઈ હોય, બીજીબાજુ દ્વારકાધીશ જગતમંદિર ઝેડ કેટેગરીની સિકયુરિટી ધરાવતું હોય ત્યારે રાજકીય આગેવાન કે વીઆઈપી લોકો દર્શન કરવા આવતા હોય છે ત્યારે પણ અનેક મુશ્કેલીઓ ઉભી થતી હોય છે. તેમજ જગતમંદિરની સુરક્ષા પણ જોખમાતી હોય ત્યારે ટ્રાફિક સમસ્યાને ધ્યાને લઈ ફેરિયાઓ તેમજ પથારાવાળાઓને દૂર કરવા માટે દ્વારકા ન્યુ વેપારી એસોસિએશન દ્વારા પોલીસતંત્ર તેમજ પાલિકાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. જો કે, આવેદનપત્ર પાઠવનાર વેપારીઓને દ્વારકા પાલિકાના ચીફ ઓફિસરે તેઓને સલાહ આપી હતી કે, રેંકડીવાળા અને પથારાવાળાઓને જરૂરથી દૂર કરવામાં આવશે, પરંતુ સાથે સાથે વેપારીઓએ દુકાનો આગળ રાખવામાં આવેલ ટેબલો તેમજ ખપેડાઓ પણ દૂર કરવામાં આવશે.

## બ્રહ્મક્ષત્રીય જ્ઞાતી તેમજ માંગરોળનું ગૌરવ દ્રષ્ટિ છાંટબાર

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૨



માંગરોળની સામાન્ય પરિવારમાંથી આવતી દ્રષ્ટિ છાંટબાર એ ૯૯.૩૫ પીઆર અને એ૧ ગ્રેડ સાથે તિરૂપતિ હાઈસ્કુલ માંગરોલ ખાતે પ્રથમ નંબર મેળવેલ છે અને ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક મેળવી બોર્ડ ફર્સ્ટ આવેલ છે અને તેણીએ જણાવેલ કે તિરૂપતિ હાઈસ્કુલના પ્રિન્સિપાલ જાદવ તેમજ શિક્ષક ગણની સાથે સાથે શ્રી પાર્થ કોચિંગ ક્લાસના હિરસર તરફથી પણ ખાસ સચોટ માર્ગદર્શન અને સમયના મેનેજમેન્ટ બાબતે સલાહ મળેલ તેમજ ઘરે મમ્મી પપ્પા તેમજ દાદી પણ જાણે તેમની પણ પરીક્ષા હોય તેમ આખુ વર્ષ દરમ્યાન સતત સાથે સાથે મહેનતમાં ભાગીદાર રહેલ અને વર્ષ દરમ્યાન ટીવી તથા મોબાઈલ ઉપર શોશીયલ મિડીયાથી દૂર થઈ રાત્રે ૩:૦૦ વાગ્યે જાગીને અભ્યાસમાં મદદરૂપ થયેલ તેમ જણાવેલ.

# ઉના શહેર-તાલુકામાં કોળી સમાજના સંગઠનો દ્વારા આવેદનપત્ર અપાયું

### કથાકાર રાજુબાપુ લેખિતમાં માફી માંગે સહિતની માંગણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૨

ઊના તાલુકાના સીમર ગામે સમસ્ત ગોસ્વામી સમાજ દ્વારા શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાકાર રાજુગિરિ બાપુ ઉર્ફે રાજેશગિરિ કાશીગિરિ ગોસ્વામીએ કથાની વ્યાસ પીઠ ઉપરથી કોળી સમાજ અને ઠાકોર સમાજ વિષે વિવાદિત નિવેદન આપી સમાજ સમાજમાં વિગ્રહ ફેલાય તેવું નિવેદન આપતા સમગ્ર કોળી સમાજ દ્વારા તેમનો વિરોધ કરવામાં આવ્યો હતો અને નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ કથાકાર રાજુબાપુની શાન ઠેકાણે લાવવા અને વાણી અને વિલાસ રોકવા ગઈકાલે સમસ્ત કોળી સમાજ સંકલન સમિતિની આગેવાની હેઠળ ઊના શહેર અને તાલુકાના કોળી સમાજના વિવિધ સંગઠનો, સમસ્ત કોળી સમાજ, કોળી સેના, યુવા કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે જિલ્લા કોળી સેનાના પ્રમુખ દીપાબેન મહેકભાઈ બાંભણિયા, વકીલ રામજીભાઈ પરમાર, મહેશભાઈ બારીયા, રસિકભાઈ ચાવડા, અજયભાઈ બાંભણિયા, ભરતભાઈ શિંગડ, દીપકભાઈ બાંભણિયા સહિત આગેવાનો મોટી સંખ્યામાં ઊનાની પ્રાંત કચેરીએ જઈ પ્રાંત અધિકારીને લેખિતમાં આવેદન આપી ચાર માંગણી સાથે આપેલ જેમાં કથાકાર રાજુબાપુની સામે કડક પગલાં લેવા, સીમર ગામે કથા કરવામાં આવી તો તા.૪/૬/૨૪સુધી સુધી ચૂંટણીનું જાહેરનામુ ચાલુ છે તો કથા કરવાની મંજૂરી લીધી હતી કે કેમ, મંજુરી ના લીધી હોય તો કથાના આયોજકો અને કથાકાર રાજુબાપુ સામે સરકારે ગુનો દાખલ કરવો, કથાકાર રાજુબાપુને પાંચ વર્ષ સુધી કથા કરવાનો પ્રતિબંધ લગાવવામાં આવે, કથાકાર રાર્બાપુ લેખીતમાં સમગ્ર કોળી સમાજ અને ઠાકોર સમાજની લેખિતમાં માફી પત્ર આપે, તેવી માંગણી સાથે આવેદન પત્ર આપી ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો. જો આગામી દિવસોમાં કાર્યવાહી નહિ કરવામાં આવે તો સમગ્ર ગુજરાતભરમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી આપી હતી.

# રણતીડના નિયંત્રણ માટે ખેતીના પાક પર અથવા ઘાસિયામાં તીડના ટોળા બેસે ત્યાં મેલાથીઓન- ક્વિનાલફોસ ભૂકીનો છંટકાવ કરવો : ખેતી નિયામક

## તીડનું ટોળું દેખાય તો ખેતરમાં ઢોલ, પતરાના ડબ્બા કે થાળીઓ વગેરે વગાડી મોટા અવાજ કરવો : તીડનુ ટોળુ રાત્રે રોકાય તો કેરોસીનના કાકડા અથવા ફ્લેમથ્રોઅર વડે સળગાવીને

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૨૨

રણતીડના ટોળા ખેડૂતોના પાકને નુકસાન કરે છે. તીડના ટોળાથી પાકનું રક્ષણ કરવા માટે ખેતી નિયામકની કચેરી દ્વારા પગલાં જાહેર કરવામાં આવ્યા છે. તીડો ખેતરમાં ઈંડા મુકતા હોવાથી તે બીજા હજારો તીડોનો જન્મ આપતા હોય છે જેનાથી ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકશાન થાય છે. તીડથી ખેડૂતોના ઉભા પાકને નુકશાન થતું અટકાવવા માટે શું કરી શકાય તેની માર્ગદર્શિકા ખેતી નિયામકની કચેરી દ્વારા જાહેર કરાઈ છે.માર્ગદર્શિકા મુજબ તીડનુ ટોળુ આવતું હોવાની માહિતી મળતા ગ્રામજનોને સાવધાન કરવા તથા ખેતરમાં ઢોલ, પતરાના ડબ્બા કે થાળીઓ વગેરે વગાડી મોટો અવાજ કાઢવો. તીડનુ ટોળુ રાત્રે રોકાય તો કેરોસીનના કાકડા અથવા ફ્લેમથ્રોઅર વડે સળગાવીને નાશ કરવો. જે વિસ્તારમાં તીડના ઈંડા મુક્યા હોઈ તે વિસ્તારની જમીન પર એક હેક્ટર જમીનદીઠ ૨૫ કિ.ગ્રા. જેટલી મેલાથીઓન ૫ ટકા અથવા ક્વીનાલફોસ ૧.૫ ટકા ભૂકીના બે ફૂટ પહોળા પટ્ટાઓ કરવાથી તીડથી રક્ષણ મળી શકે છે.

આ ઉપરાંત, તીડના બચ્ચા મોટા થયા પછી ખોરાકની શોધમાં આગેકુચ કરતા હોય છે, ત્યારે અનુકૂળ જગ્યાએ લાંબી ખાઈઓ ખોદીને તીડના બચ્ચાના ટોળા દાટી દેવા. આ ઉપરાંત તીડના બચ્ચાના ટોળાને આગળ વધતા અટકાવવા ઝેરી પ્રલોભિકા ૧૦૦ કિ.ગ્રા.ઘઉં કે ડાંગર ભૂસાની સાથે ૦.૫ કિ.ગ્રા. ફેનીટોથ્રીઓન જંતુનાશક દવા અને ગોળની રસી ૫ કિ.ગ્રા. બનાવી જમીન ઉપર રસ્તામાં વેરવાથી તીડનો નાશ થાય છે. તીડને અસરકારક રીતે કાબૂમાં લેવા માટે ખેતીના પાક પર અથવા ઘાસિયામાં તીડના ટોળા બેસે ત્યાં ૫% મેલાથીઓન અથવા ૧.૫% ક્વિનાલફોસ ભૂકીના છંટકાવ કરવો અથવા સવારના સમયે ૫૦% ફેનીટ્રોથીઓન અથવા ૫૦% મેલાથીઓન અથવા ૨૦% ક્લોરપાયારીફોસ દવા ૧ લીટર પ્રમાણે ૮૦૦ થી ૧૦૦૦ લીટર પાણીમાં ભેળવીને એક હેક્ટર વિસ્તારમાં છંટકાવ કરવો. આ ઉપરાંત જમીન પર રાત્રે રોકાય તો સામાન્ય રીતે તીડનું ટોળુ પણ સવારનાં ૧૦-૧૧ વાગ્યા પછી જ આગળ વધતા હોય છે ત્યારે ચોક્કસ સમયે ૫%મેલાથીઓન અથવા ૧.૫% ક્વિનાલ્ફોસ ભૂકી દવાનો છંટકાવ કરવાથી તીડનું નિયંત્રણ થાય છે. ખેતી નિયામકની કચેરીની માર્ગદર્શિકા મુજબ લીમડાની લીંબોડીની ૫૦૦ ગ્રામ મીંજનો ભૂકો, ૫% અર્ક અથવા ૪૦ મિ.લિ લીંબડાનું તેલ અને ૧૦ ગ્રામ કપડાં ધોવાનો પાવડર, ૨૦ મિ.લિ થી ૪૦ મિ.લિ લીંબડા આધારીત તૈયાર કીટનાશક ૧૦ લીટર પાણીમાં ઉમેરી બનાવેલ દ્રાવણ છાંટવાથી તીડ આવા છોડને ખાતા નથી. જ્યારે તીડે ઈંડા મુક્યા હોયતો, તે વિસ્તારમાં ઊંડી ખેડ કરી ઈંડાનો નાશ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા ખેતી નિયામકની કચેરીની માર્ગદર્શિકામાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# લોકસભા ચૂંટણી બંદોબસ્ત ૨૦૨૪ માટે ગુજરાત રાજ્ય દ્વારા ૨૦૦૦ હોમગાર્ડ્સના સભ્યોની ફાળવણી કરાઈ

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૨૨

હાલમાં ચાલી રહેલ લોકસભા સામાન્ય ચૂંટણીમાં હરિયાણા ખાતે ચૂંટણી બંદોબસ્તમાં ૨૦૦૦ હોમગાર્ડઝ સભ્યોની માંગણી કરવામાં આવી હતી. જેથી ગુજરાત સરકાર દ્વારા તારીખ ૨૦/૦૫/૨૦૨૪ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે મંજૂરી આપવામાં આવી હતી. જેની મંજૂરી મળતા તરત જ કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલની દેખરેખ હેઠળ તમામ તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી હતી. જે માટે સ્પેશિયલ ટ્રેનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. અને તારીખ ૨૧/૦૫/૨૦૨૪ના રોજ એટલે ૨૪ કલાકમાં જ તમામ હોમગાર્ડઝ સભ્યોને અમદાવાદ અને વડોદરા રેલ્વે સ્ટેશનથી રવાના કરવામાં આવ્યા હતા. જેમાં ખોડિયાર રેલ્વે સ્ટેશન અને અદાણી શાંતિગ્રામ અમદાવાદ ખાતે કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ અને અન્ય અધિકારીઓ દ્વારા બંદોબસ્તમાં જનાર સભ્યોને વિદાય આપવામાં આવી હતી. વિદાય આપતા પહેલા તારીખ ૨૧ મેના રોજ આંતકવાદ વિરોધી દિવસ હોવાથી કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલની હાજરીમાં તમામ કર્મચારીઓ અને હોમગાર્ડઝ સભ્યો દ્વારા આંતકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. હોમગાર્ડઝ સભ્યોમાં લોકસભા ચૂંટણીની કામગીરીને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકસભા સામાન્ય ચૂંટણી બંદોબસ્તમાં અગાઉ જ્યારે ફાળવણી કરાઈ હતી ત્યારે નજીકના જ રાજ્યો જેવા કે રાજસ્થાન, મહરાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાંજ ફાળવણી થઈ હતી, પરંતુ પ્રથમ વખત હોમગાર્ડઝ સભ્યોની ફાળવણી હજારો કિલોમીટર દૂર કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા મંજૂરી મળતાની સાથે માત્ર ૨૪ કલાકની અંદર તમામ હોમગાર્ડઝ સભ્યો અને સુપરવાઈઝરી સ્ટાફને સ્પેશિયલ ટ્રેન દ્વારા રવાના કરવામાં આવ્યા છે અને બંદોબસ્તમાં જનાર હોમગાર્ડઝ સભ્યોને તેઓના યુનિટ ખાતેથી રેલ્વે સ્ટેશન સુધી પહોંચાડવા માટે ગુજરાત પોલીસ દ્વારા વાહનોની ફાળવણી કરવામાં આવી હતી અને હોમગાર્ડઝ સભ્યોને રેલ્વે સ્ટેશન પહોંચાડવામાં આવ્યા હતા. હાલમાં ઉનાળાના સમય દરમિયાન અમદાવાદમાં ૪૫ ડિગ્રી અને હરિયાણામાં ૪૭ ડિગ્રી જેટલું તાપમાન હોવાથી સરકાર દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેથી બંદોબસ્તમાં જનાર તમામ સભ્યોને આ સમયગાળામાં ગરમીથી બચવા અને શરીરમાં પાણીની ઊણપ ન થાય તેમજ બંદોબસ્તમાં પૂર્ણ નિષ્ઠાથી તેઓ ફરજ બજાવે તેની તમામ તકેદારી રાખવાની સૂચના કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ દ્વારા આપવામાં આવી હતી. આ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા લેવાયેલ નિર્ણય અનુસાર આ કામગીરી માત્ર ૨૪ કલાકમાં પૂર્ણ કરાઈ હોવાથી કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ અને તમામ અધિકારીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# બ્રહ્મક્ષત્રીય જ્ઞાતી તેમજ માંગરોળનું ગૌરવ દ્રષ્ટિ છાંટબાર






(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૨

માંગરોળ ની સામાન્ય પરિવારમાંથી આવતી દ્રષ્ટિ છાંટબાર એ ધોરણ ૧૦ મા ૯૯.૩૫ P.R અને A1 ગ્રેડ સાથે તિરૂપતિ હાઈસ્કુલ માંગરોલ ખાતે પ્રથમ નંબર મેળવેલ છે અને ગણિત વિષય મા ૧૦૪૦ માથી ૧૦૦ માર્ક મેળવી બોર્ડ ફર્સ્ટ આવેલ છે અને તેણી એ પત્રકાર નિલેશ રાજપરા સાથે ની વાતચીત દરમિયાન જણાવેલ કે તિરૂપતિ હાઈસ્કુલ ના પ્રિન્સિપાલ જાદવસર તેમજ શિક્ષક ગણ ની સાથે સાથે શ્રી પાર્થ કોચિંગ ક્લાસ ના હિરસર તરફ થી પણ ખાસ સચોટ માર્ગદર્શન અને સમય ના મેનેજમેન્ટ બાબતે સલાહ મળેલ તેમજ ઘરે મમ્મી પપ્પા તેમજ દાદી પણ જાણે તેમની પણ પરીક્ષા હોય તેમ આખુ વર્ષ દરમિયાન સતત સાથે સાથે મહેનત મા ભાગીદાર રહેલ અને વર્ષ દરમિયાન ટીવી તથા મોબાઈલ પર શોશીયલ મિડીયા થી દૂર થઈ રાત્રે ૩:૦૦ વાગ્યે જાગી ને અભ્યાસ મા મદદરૂપ થયેલ તેમ જણાવેલ છે.

# ખંભાળિયા નજીક અનધિકૃત રીતે થતી ખનીજ ચોરી પર મામલતદારનો સપાટો : ૧૮ લાખનો મુદ્દામાલ કબજે





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

ખંભાળિયા નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં અગાઉ પણ ખનીજ, માટીની ચોરીના અનેક બનાવો પ્રકાશમાં આવ્યા હતા. ત્યારે ગઈકાલે વધુ એક વખત અહીંના મામલતદાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના સરકારી ખરાબામાંથી થતી ખનીજ ચોરી ઝડપી પાડી અને આશરે રૂપિયા ૧૮ લાખ જેટલો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ સમગ્ર પ્રકરણ અંગે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા નજીક આવેલા કંડોરણા ગામના સરકારી વિસ્તારમાં કોઈ તત્વો મંજૂરી વગર અનધિકૃત રીતે માટી તેમજ મોરમનું ખનન કરતા હોવા અંગેની માહિતી અહીંના મામલતદાર વિક્રમ વરુને મળતા તેમના દ્વારા સ્ટાફને સાથે રાખીને આ સ્થળે ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન એક જે.સી.બી. મશીન મારફતે કંડોરણા ગામના સહકારી ખરાબામાંથી જુદા જુદા ચાર ટ્રેક્ટરો મારફતે મોરમની ચોરી થતી હોવાનું ખુલવા પામ્યું હતું. આથી તંત્ર દ્વારા જેસીબી, ચાર ટ્રેક્ટર, મોરમ સહિત આશરે ૧૮ લાખ જેટલી કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી, આ બાબતે આગળની કાર્યવાહી કરવા અર્થે અહીંના ખાણ ખનીજ વિભાગને જરૂરી અહેવાલ સુપ્રત કરવામાં આવ્યા હતા.

તંત્રની આ કામગીરીથી ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ સાથે દોડધામ મચી જવા પામી છે.

# દીવ ઘોઘલા રોડ તૂટેલી હાલતમાં : પ્રજા વર્ષોથી હેરાન



(નીરવ ગઢીયા દ્વારા)


ઉના તા.૨૨

દીવ ઘોઘલા રોડ ઘણા સમયથી તૂટેલા હોય લોકલ પ્રજા અને ટુરિસ્ટ લોકો બહારથી ફરવા આવતા હોય પ્રજા તોબા પોકારી રહી છે છેલ્લા પાંચ થી સાત વર્ષથી રોડનું ખોદકામ દીવ ચેક પોસ્ટથી ઘોઘલા ગામમાં દીવ રોડ મેન બજાર સમરહાઉસ સોસાયટીના રોડ ખોદી નાખવાથી વર્ષોથી ગામમાં ગોકળ ગાય જેવું રોડ કામ ચાલુ હોવાથી દીવ ઘોઘલા ટુરીઝ પોઈન્ટ હોય લોકો હેરાનગતિનો સામનો કરી રહી છે સ્માર્ટસીટી ની વાતો કરી રહી છે પણ રોડના કામમાં ઢીલીનીતિ હોવાથી ત્યાંની સ્થાનિક એટલા હેરાન થાય છે કે કોઈ બોલી શકતું નથી રોડનું કામ એટલી હદે ખોદકામ ચાલે છે કે અમુક રૂટ પણ બંધ કરી નાખ્યા હોવાથી પ્રજા હેરાન થાય છે જેથી કરી પ્રશાસનનો રોડનું કામ વેલા પૂરું કરે તેવી લોકોની માગણી છે.

# શનિવારે માળીયાહાટીનાના જલંધર ગીર ખાતે શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજ દ્વારા ત્રિવીધ કાર્યક્રમો

**જ્ઞાતીની વાડીનું ભૂમિ પૂજન પુ. મુકતાનંદ બાપુના હસ્તે કરાશે : પુ. જેન્તીરામ બાપા સુખરામદાસબાપુ સહિતના સંતો અને આગેવાનો ઉપસ્થિત રહેશે : પંચકુંડી યજ્ઞ, સંતોના સામૈયા, ભોજન સમારંભ સહિતના આયોજનો**





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

આગામી તા.૨૫ને શનિવારના રોજ માળીયાહાટીના તાલુકાના જલંધર(ગીર) ગામે શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજ દ્વારા ત્રિવીધ સમારોહનું આયોજન કરાયું છે. જેમાં સવારે ૮ કલાકે પંચકુંડી યજ્ઞનો પ્રારંભ થશે અને બપોરે ૨.૧૫ કલાકે અખિલ ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પુ. મુકતાનંદબાપુ સહિત સંતોના સામૈયા કરાશે અને બપોરે ૩ કલાકે પુ. મુક્તાનંદબાપુના હસ્તે રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની વાડીનું ભૂમિ પૂજન કરાશે. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય જયશેભાઈ રાદડીયા, પુર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, ભીખાભાઈ જોષી, ધારાસભ્ય ભગવાનજી કરગઠીયા, હીરાભાઈ જોટવા, લક્ષ્મણભાઈ યાદવ, મનોજભાઈ જોષી, કૈલાશબેન થેગડા તેમજ શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ, જયંતિભાઈ તેરૈયા, જૂનાગઢના એસપી હર્ષદ મહેતા, ગાંધીનગર એસપી ચિંતન તેરૈયા તેમજ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના પ્રમુખ બંકિમ મહેતા, વાસુદેવભાઈ જોષી, સંજયભાઈ દવે, જીતુભાઈ બોરીસાગર, પુર્વ પ્રમુખ ભીખુભાઈ જોષી, જયવીનભાઈ દવે, રસીકભાઈ જોષી, દિવ્યકાંતભાઈ જોષી, મુળશંકરભાઈ તેરૈયા, મયુરભાઈ મહેતા સહિતના જ્ઞાતિજનો વિભાગીય પ્રમુખઓ તેમજ પત્રકારઓ વિનુભાઈ જોષી, ગીજુભાઈ વિકમા, સીવી જોષી, મનોજ તેરૈયા, જયેશ ભરાડ, રેનિશ મહેતા, પંકજ વેગડા, કમલેશ મહેતા, વિનુભાઈ પુરોહિત વગેરે ઉપસ્થિત રહેશે. તેમજ સાધુ-સંતોમાં પુ. મુકતાનંદ બાપુ, પુ. જેન્તીરામ બાપા, પુ. નિલકંઠ ચરણસ્વામી, પુ. રામબાલકદાસ બાપુ, જગુરામબાપા, નિજસ્વરૂપાનંદ સરસવતીજી, રતીદાદા મહેતા, સુખદેવ બાપુ તેમજ મેંદરડા ખાખી મઢી રામજી મંદિરના મહંત પુ. સુખરામદાસ બાપુ સહિતના સંતો આશિવર્ચન પાઠવશે અને શનિવારે સવારથી જ ત્રિવીધ સમારોહ ૮ વાગ્યે પંચકુંડી યજ્ઞ સાથે પ્રારંભ થશે. બપોરે ૨:૧૫ કલાકે પુ. મુકતાનંદબાપુ સહિત પધારેલ સંતોના વાજતે ગાજતે ભવ્ય સામૈયા કરાશે અને બપોરે ૩ કલાકે રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની વાડીનું પુ. મુકતાનંદ બાપુના હસ્તે ભૂમિ પુજન અને યજ્ઞનું બીડુ હોમાશે અને સાંજે ૪ વાગ્યે મહેમાનોનું સન્માન અને ૭:૩૦ કલાકે ભોજન સમારંભ અને રાત્રે ૯:૩૦ કલાકે ભાયાવદરના કાનગોપીનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજ જલંધર ગીરના મહેશભાઈ મહેતા, રજનીકાંતભાઈ ભરાડ અને તેની ટીમ ભારે જહેમત ઉઠાવે છે.

# ઓખા મરીન પોલીસે ૧૪ આસામીઓના ગુમ થયેલા રૂપિયા સવા બે લાખના મોબાઈલ ફોન શોધી આપ્યા



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

દેવભૂમિ દ્વારકાના છેવાડાના વિસ્તાર એવા ઓખા મંડળમાં છેલ્લા આશરે ચારેક માસના સમયગાળા દરમિયાન જુદા જુદા યાત્રાળુઓ , આસામીઓના મોબાઈલ ફોન ચોરી થયાના તેમજ ગુમ થયાના બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. આને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ઓખા મરીન પોલીસ મથકના પી.એસ.આઈ. આર.આર. ઝરુ દ્વારા ટેકનીકલ એનાલિસીસ કરી અને આશરે રૂપિયા ૨.૨૦ લાખની કિંમતના ૧૪ મોબાઈલ ફોન શોધી કાઢી અને મૂળ માલિકને સુપ્રત કરવામાં આવ્યા હતા.

આમ, ઓખા મરીન પોલીસે "તેરા તુજકો અર્પણ"ની નોંધપાત્ર કામગીરી કરી હતી.

# ગાંધીનગરમાં ઓવર ૬૦ ટેનિસ સ્પર્ધામાં જામનગરના ખેલાડી વિજેતા



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

ગુજરાત રાજયના ખેલ મહાકુંભમાં ૨૦૨૪ અંતર્ગત તાજેતરમાં ગાંધીનગર સચિવાલયના જીમખાના ખાતે લોન ટેનિસ (પુરુષની સ્પર્ધા) યોજવામાં આવી હતી. ઓવર ૬૦ પુરુષ એકલની આ લોન ટેનિસ સ્પર્ધામાં જામનગરના ભૂપેન્દ્રભાઈ બકરાણીયા ઈન્ટરનેશનલ ખેલાડી યોગેશભાઈ શાહને જોરદાર લડત આપી અને સિલ્વર મેડલ પ્રાપ્ત પ્રાપ્ત કર્યો હતો.

### સોમનાથમાં આજે નૃસિંહ જયંતિ

# સોમનાથ દાદાના તીર્થમાં બિરાજમાન છે ભગવાન નૃસિંહ મંદિરો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ તીર્થમાં નૃસિંહ ભગવાનના પાવનકારી મંદિરો આવેલા છે. સોમનાથના હિરણ નદીના તટે અને ગોલોકધામ ગીતા મંદિર પછી પ્રાચીન ભગવાન નૃસિંહનું મંદિર આવેલું છે. જયાં આજે નૃસિંહ જયંતિ પ્રસંગે પરંપરાગત પૂજન પ્રતિવર્ષ કરાય છે. આવું જ બીજું મંદિર પાટચકલા ગામ વિસ્તારમાં આવેલું છે. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર કહે છે ભગવાન વિષ્ણુના ચોથા અવતાર મનાતા ભગવાન નૃસિંહના પાવનકારી પગલા ગીર-સોમનાથ પુણ્યભૂમિ ઉપર પ ા ડ ે લ ા છે અને તે સંબંધી મહાત્મય તેઓએ તેના લીખીત પુસ્તક પ્રભાસ તીર્થ દર્શનમાં આલેખેલ છે.

# જૂનાગઢના અક્ષર જવેલર્સની રૂા.૯૧ લાખના સોનાની ચોરી પ્રકરણમાં મેનેજર સહિત ૩ની ધરપકડ








## સોનુ, રોકડ સહિતનો કુલ રૂા. ૩૧,૮૧,૭૫૩ લાખનો મુદામાલ રીકવર કરાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢની જાણીતી અક્ષર જવેલર્સ નામની સોની વેપારીની પેઢીના મેનેજરે રૂા.૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી ચોરી કર્યા અંગેનો બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો અને વિશ્વાસઘાત અને છેતરપિંડીના આ બનાવની પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા તથા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સુચના અને માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ પોલીસની વિવિધ ટીમો દ્વારા આ બનાવની ઉંડાણપુર્વકની તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન અક્ષર જવેલર્સ ખાતેથી ચોરી કરનાર કુલ ત્રણ શખ્સોને કુલ સોનુ ૩૭૭.૭૩ ગ્રામ કિંમત રૂા.૨૫,૭૬,૭૫૩ તથા રોકડ રકમ રૂા.૪,૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૩, મોટરસાઈકલ-૧ વિગેરે મળી કુલ રૂા.૩૧,૮૧,૭૫૩ના મુદામાલ સાથે એ ડીવીઝન પોલીસે ઝડપી લીધેલ છે અને ગઈકાલે એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ તકે ડીવાયએસપી હિતેષ ધાંધલીયા અને અધિકારીઓએ આ અંગેની વિગતો આપી હતી. પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં સોનાના દાગીનાનો વેપાર કરતી અક્ષર જવેલર્સ નામની પેઢીમાંથી પેઢીના જ મેનેજર દ્વારા ૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાનું સામે આવ્યા બાદ પોલીસે મેનેજર સહિતના ત્રણ શખ્સોની ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યા હતા. જેની તપાસમાં પોલીસે ૨૫ લાખનું સોનુ અને ૪.૫૦ લાખ રોકડા રીકવર કર્યા છે. જૂનાગઢમાં છાયા બજારમાં આવેલી અક્ષર જવેલર્સ નામની પેઢીમાં મેનેજર તરીકે કામ કરતા કુતીયાણાના મયુર નાનજી વાઘેલાએ છેલ્લા ત્રણ મહિનામાં ૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાનું સામે આવ્યા બાદ પેઢીના માલિક સુનીલ રાજપરાએ એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં તપાસનીશ પીઆઈ વત્સલ સાવજ સહિતના સ્ટાફે મેનેજર મયુર વાઘેલા અને જેને સોનુ વેંચ્યું હતું તેવા જૂનાગઢના કલ્પેશ ઉર્ફે કલ્પરાજસિંહ નકુમ અને ભૌમિક મહિપત પરમાર નામના શખ્સોની ધરપકડ કરીને કોર્ટમાંથી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ અંગે ડીવાયએસી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, રિમાન્ડ દરમ્યાન એવું સામે આવ્યું છે કે, મેનેજર મયુર વાઘેલાનો પગાર માત્ર ૧૪ હજાર હતો પરંતુ તેના મોજશોખ મોંઘા હતા. જેથી પોતાના શોખ પુરા કરવા માટે સ્માર્ટ વોચ, આઈફોન, મોંઘા બાઈક લેવામાટે તેણે પેઢીના માલિકે તપાસ કરીને સ્ટોક મેળવતા ભાંડો ફુટયો અને પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદ બાદ તપાસમાં આરોપીઓ પાસેથી ૩૯૦ ગ્રામ સોનુ જેની કિંમત ૨૫ લાખની છે તે સોનુ તેમજ મેનેજરના લોકરમાંથી ૪.૫૦ લાખ રોકડા રિકવર કરવામાં આવ્યા છે. હાલ આ કેસમાં અન્ય કોઈ આરોપીઓ સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

### ગિરનાર પર્વત ઉપર આવેલ

# માળી પરબની જગ્યા ખાતે બાળકને ખીણમાં ફેંકી દેનાર અજાણ્યા શખ્સની શોધખોળ




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્રમાં ખાસ કરીને ગિરનારના પર્વત ઉપર ૨૩૦૦માં પગથીયે માળી પરબની જગ્યા નજીક બનેલા એક બનાવમાં આ જગ્યામાં ચોરી કરવાના ઈરાદે આવેલા અજાણ્યા શખ્સે ૧૪ વર્ષના બાળકને ખીણમાં ફેંકી દેવાના બનાવને પગલે સનસનાટી મચી જવા પામી છે. જોકે ખીણમાં ફેંકી દેવાયેલા આ બાળકનો ચમત્કારી બચાવ થયો હતો. દરમ્યાન અજાણ્યા શખ્સ વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી અને આ શખ્સને ઝડપી લેવાનો ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ગરવા ગિરનાર ઉપર માળી પરબ પાસે ૨૩૦૦ પગથીયા ઉપર આવેલા રામજી મંદિરના મહંત કૃષ્ણદાસ બાપુ ગુરૂ રામેશ્વરદાસ અમદાવાદ કામ માટે ગયા હતા ત્યારે તેમના માતા સરીતાદેવી અને મંદિરમાં છેલ્લા દોઢેક મહિનાથી રહેવા આવેલો સીતાપુરનો પુનિત સરવનસિંગ(ઉ.વ.૧૪, યુપી) સુતા હતા ત્યારે મધરાતે સફેદ શર્ટ પહેરેલો એક શખ્સ મંદિરમાં ચોરી કરવાના ઈરાદે ઘુસ્યો હતો ત્યારે પુનિતસિંગ જાગી જતા તેને માર મારીને ઉંચકીને તસ્કરે બાળકને મંદિરની પાછળ આવેલી ખીણમાં ફેંકી દીધો હતો અને ભાગી ગયો હતો. દરમ્યાન આ બનાવ અંગેની જાણ થતા નજીકમાં જ દુકાન ધરાવતા વિજયભાઈ ગોસ્વામી નામના યુવાને પોલીસને જાણ કરી હતી અને જેને લઈને ભવનાથ પીએસઆઈ એમ.કે. રાઠોડ સહિતનો સ્ટાફ ગિરનાર પર્વત ઉપર દોડી ગયો હતો અને રાતે અંધારામાં બાળકને શોધવા માટે રેસ્કયુ શરૂ કર્યું હતું. દરમ્યાન સદનસીબે બચી ગયેલો બાળક લોહી લુહાણ હાલતમાં સવારે ૪ વાગ્યાના અરસામાં ઉપર ચડી આવતા તેને ગિરનાર ઉપર ડોળી વાળાની મદદથી નીચે ઉતાર્યો હતો અને સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. ભોગ બનેલ તરૂણે જણાવ્યું હતું કે, તે તથા ૯૦ વર્ષના વૃધ્ધ માળી પરબની જગ્યામાં સુતા હતા ત્યારે મંદિરમાં અવાજ થતા આ બાળક જાગી ગયો હતો અને અજાણ્યા શખ્સ પાસે ગયો હતો તો તેણે આ બાળકને ઉંચકીને ખીણમાં ફેંકી દીધો હતો. દરમ્યાન માંડમાંડ ૭૦ ફુટ ઉંડી ખીણમાંથી અંધારામાં ઉપર આવીને વિજયભાઈની દુકાને પહોંચ્યો હતો અને જયાં તેમને હક્કિત જણાવી હતી અને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વિજયભાઈ ગોસ્વામીએ જણાવેલ હતું કે માળી પરબથી ૨૦૦ પગથીયાના અંતરે મારી દુકાન આવેલ છે અને રાત્રે ૧૧:૫૦ કલાકે મારા માણસનો ફોન આવ્યો હતો અને જણાવેલ કે માળી પરબની જગ્યામાં છેલ્લા ત્રણ મહિનાથી આવેલ મધ્યપ્રદેશના કિશોરને જગ્યામાં ચોરી કરવા આવેલા શખ્સે ખીણમાં નીચે ફેંકી દઈ નાસી ગયો છે અને આ છોકરો લોહીલુહાણ હાલતમાં ૭૦ ફુટ ઉંડી ખીણમાંથી ઉપર ચડીને દુકાને આવ્યો છે. આ ઘટના અંગે જાણ થતા તેઓએ પોલીસ તેમજ વન વિભાગ તેમજ મંદિર આસપાસની દુકાને જાણ કરી હતી અને બાળકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. દરમ્યાન ૨૩૦૦ પગથીયે બનેલા બનાવ અંગે કૃષ્ણદાસ ગુરૂ રામેશ્વરદાસ સાધુ રહે.માળી પરબની જગ્યા ૨૩૦૦ પગથીયે વાળાએ અજાણ્યા ઈસમ પાતળા બાંધાનો જેની માથે ટોપી પહેરલ હતો તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. તસ્કરને ઝડપી લેવા માટે ટેકનિકલ સોર્સ તેમજ સીસીટીવી ફુટેજની મદદ લઈ તપાસ ચાલી રહી છે. ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઈ મનિષ રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

## જૂનાગઢમાં ગરમીએ રેકોર્ડ તોડયો : તાપમાનનો પારો ૪૪.૭ ડિગ્રીને પહોંચતા જનજીવન પ્રભાવિત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં કાળઝાળ ગરમીનું સતત આક્રમણ રહે છે અને તાપમાનનો પારો સડસડાટ ઉપર ચડી જતા જનજીવન પ્રભાવિત બનેલ છે. ગઈકાલે મંગળવારનો દિવસ જૂનાગઢવાસીઓ માટે આગ બનીને વરસ્યો હતો. ૨૦૧૯ પછી પ્રથમવાર જૂનાગઢમાં તાપમાનનો પારો ૪૪.૭ ડિગ્રીએ પહોંચી જતા જૂનાગઢની બજારો બપોરે સુમસામ બની હતી. દિવસ દરમ્યાન આકાશમાંથી અગન ગોળા વરસતા હોય તેવા માહોલ વચ્ચે જનજીવન પ્રભાવિત બન્યું હતું. છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ ગરમીએ તોડયો છે અને ૪૪.૭ ડિગ્રીએ તાપમાન પહોંચી ગયું હતું. દરમ્યાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના ધિમંત વઘાસીયાના જણાવ્યા અનુસાર છેલ્લા ૩૦ વર્ષમાં ૨૦૧૮ અને ૨૦૨૦માં મે મહિનામાં ગરમીનો પારો સતત ૨૫ દિવસ સુધી ૪૦ ડિગ્રીને પાર રહેવા પામ્યો હતો અને હાલ ૨૦૨૪માં છેલ્લા કેટલાય દિવસથી તાપમાનનો પારો ૪૧ થી ૪૩ ડિગ્રી આસપાસ રહ્યો છે. દરમ્યાન હજુ પણ તાપમાન ૪૫ ડિગ્રીએ રહે તેવી શકયતા છે. આ દરમ્યાન જૂનાગઢ શહેરમાં ભુગર્ભ ગટરની કામગીરી વાળા રસ્તા ઉપર મોટાભાગે ગરમીની અસર જોવા મળી હતી. આ ઉપરાંત અગન વર્ષાને કારણે જોષીપરા, ઝાંઝરડા રોડ, મધુરમ રોડ, ગરનાળા ફાટક સહિતના વિસ્તારોમાં પણ રસ્તાઓના ડામર ઓગળી ગયાના બનાવો બન્યા હતા.



દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર,

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
વિજય ઘીં ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

પવિત્ર રમજાનમાસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨